CMYK CMYK

RNI NO. 46434/87,
ઓફિસઃ શ્રી નૂતન સૌરાષ્ટ્ર
દૈનિક, ભકિતનગર રેલ્વે સ્ટેશન
સર્કલ, મહારાણી લક્ષ્મીબાઈ
કન્યા વિદ્યાલય પાસે, ટાગોર રોડ,
રાજકોટ.
Email:
nutanpress@yahoo.com,
snssamachar.com

# શ્રી નૂતન સૌરાષ્ટ્ર
SINCE 1948
SHRI NUTAN SAURASHTRA

તંત્રી વિભાગ
૦૨૮૧-૨૪૬૬૭૭૨
૯૮૯૮૦૯૩૯૩૫
જાહેર ખબર વિભાગ
૯૮૯૮૨૦૩૫૩૬
ઓફિસ/વોટ્સએપ
૯૪૦૮૯૯૧૪૪૯

તંત્રી : વિક્રમ હસમુખરાય રાવલ, પુસ્તક–૧૧૦, અંકઃ ૧૬૫, વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ સુદ (૪), સોમવાર તા.03–03–૨૦૨૫, પાના– ૮, કિંમત રૂા.૧–૫૦ પૈસા

## માધબીપુરી બુચ અને સેબીના અધિકારીઓ સામે એફઆઈઆર દાખલ કરોઃ એસીબી કોર્ટ

### ૩૦ દિવસમાં કેસ સાથે સંબંધિત સ્ટેટસ રિપોર્ટ જમા કરાવવા પણ આદેશ

મુંબઈ, તા.૨

મુંબઈની વિશેષ ACB કોર્ટે શનિવારે કથિત શેરબજાર છેતરપિંડી અને નિયમનકારી ઉલ્લંઘનના કેસમાં સેબીના પૂર્વ ચેરમેન માધવી પુરી બુચ, બોમ્બે સ્ટોક એક્સચેન્જ અને SEBIના ટોચના અધિકારીઓ સામે FIR નોંધવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત કોર્ટે ૩૦ દિવસમાં કેસ સાથે સંબંધિત સ્ટેટસ રિપોર્ટ જમા કરાવવાનો પણ આદેશ આપ્યો છે.



વિશેષ એસીબી કોર્ટે કડક ટિપ્પણી કરતા કહ્યું કે, 'દસ્તાવેજો પરની સામગ્રી અને સમીક્ષા કર્યા બાદ કોર્ટને લાગ્યું છે કે, 'આરોપોમાં કોગ્નિઝેબલ ગુનાનો ખુલાસો થયો છે, તેથી તપાસની જરૂર છે. નિયમનકારી ભૂલો અને મિલીભગતના પ્રથમદર્શી પુરાવા છે, જેની નિષ્પક્ષ તપાસ કરવાની જરૂર છે.

કાયદાના અમલીકરણ અને સેબીની નિષ્ક્રિયતાના કારણે કલમ ૧૫૩(૩) CRPC હેઠળ ન્યાયિક હસ્તક્ષેપની જરૂર છે. કોર્ટે ટિપ્પણીમાં એસીબી અપરાધિક એમ.એ.સં.૬૦૩/૨૦૨૪નો પણ ઉલ્લેખ કર્યો છે.

હિન્ડનબર્ગના રિપોર્ટમાં અદાણી જૂથના શેર્સમાં ગેરરીતિ થઈ હોવાના આરોપમાં સેબીના વડા માધબી પુરી બુચ અને તેમના પતિની પણ સંડોવણી હોવાનો આરોપ મૂકાયો હતો. જો કે, માધબી પુરી બુચ સતત આ આરોપોને નકારી રહ્યા છે. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેરાએ પ્રેસ કોન્ફરન્સમાં આક્ષેપ લગાવ્યો હતો કે, માધબી બુચે સેબીમાં તેમના કાર્યકાળ દરમિયાન લિસ્ટેડ સિક્યોરિટીઝમાં ૩૬.૯ કરોડ રૂપિયાનું ટ્રેડિંગ કરીને સેબીના મહત્ત્વપૂર્ણ નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું. ખેરાએ દાવો કર્યો હતો કે, આ ટ્રેડિંગ પ્રવૃત્તિ વર્ષ ૨૦૧૭થી ૨૦૨૩ ની વચ્ચે થઈ હતી, જેમાં નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં કુલ ૧૯.૫૪ કરોડ રૂપિયાના વ્યવહારો થયા હતા.

#### અમેરિકામાં ફરી એક્ટિવ થયું ગ્રુપ

## દુનિયામાં ઉથલપાથલ વચ્ચે ટ્રમ્પે આપી અદાણીને રાહત

વોશિંગ્ટન, તા.૨

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓને કારણે વૈશ્વિક સ્તરે અશાંતિનું વાતાવરણ છે. આ વાતાવરણ વચ્ચે, ગૌતમ અદાણી ગ્રુપ ફરી એકવાર અમેરિકામાં તેની રોકાણ યોજનાઓને પાટા પર લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.





નવા યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આપવામાં આવેલી રાહત પછી આ જૂથ તેની યોજનાઓ સાથે આગળ વધવાની યોજના ધરાવે છે. તમને જણાવી દઈએ કે અદાણી ગ્રુપે વિવિધ અમેરિકન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે ઈ૧૦ બિલિયનનું રોકાણ કરવાનું વચન આપ્યું હતું. જોકે, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ (DOJ) દ્વારા ગૌતમ અદાણી અને અન્ય સાત સહયોગીઓને કથિત લાંચ કેસમાં દોષિત ઠેરવ્યા બાદ જૂથે તે યોજનાઓને મુલતવી રાખી હતી. તાજેતરમાં, પદ સંભાળ્યા પછી, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફોરેન કરપ્ટ પ્રેક્ટિસ પ્રિવેન્શન એક્ટ (FCPA) ના અમલને સ્થગિત કરવાનો આદેશ આપ્યો. ખાનગી પોર્ટલે અહેવાલ આપ્યો છે કે, જૂથના નજીકના એક સૂત્રએ રાહત વ્યક્ત કરતા કહ્યું કે નીતિમાં ફેરફારથી આશા જાગી છે કે આરોપો કોર્ટમાં ટકી શકશે નહીં. જોકે કાનૂની કાર્યવાહી હજુ પણ ચાલુ છે, આ ફેરફારથી અદાણી ગ્રુપ માટે તેની યુએસ વિસ્તરણ યોજનાઓ પર પુનર્વિચાર કરવા માટે વધુ અનુકૂળ વાતાવરણ ઊભું થયું છે.

અહેવાલ મુજબ, કંપની હવે પૂર્વ કિનારા પર પરમાણુ ઉર્જા, ઉપયોગિતાઓ અને બંદર માળખા સહિતના મુખ્ય ક્ષેત્રોમાં પ્રોજેક્ટ્સનું પુનઃમૂલ્યાંકન કરી રહી છે. ગયા વર્ષે નવેમ્બરમાં, ગૌતમ અદાણીને $265 મિલિયનની લાંચ યોજનામાં સંડોવણી બદલ સાત અન્ય લોકો સાથે દોષિત ઠેરવવામાં આવ્યા બાદ અદાણી ગ્રુપનું અમેરિકામાં રોકાણ અટકી ગયું હતું. આરોપ મૂકવામાં આવ્યો છે કે ૨૦૨૦ અને ૨૦૨૪ ની વચ્ચે, અદાણી અને તેમના કેટલાક સહયોગીઓએ સૌર ઉર્જા કરાર મેળવવા માટે ભારતીય સરકારી અધિકારીઓને $265 મિલિયનની લાંચ આપવાની યોજનામાં ભાગ લીધો હતો.

## મણિપુર શાંતિના માર્ગેઃ વધુ પાંચ જિલ્લામાં બળવાખોરોએ હથિયારો મૂક્યા

ઈમ્ફાલ,તા.૨

મણીપુર શાંતિના માર્ગે પાછુ ફરી રહ્યું હોય તેમ જણાય છે. છેલ્લા ઘણા મહિનાઓથી સંઘર્ષનો સામનો કરી રહેલા મણિપુરના પાંચ જિલ્લાઓમાં રવિવારે લોકોએ ૪૨ હથિયારો અને કારતૂસ જમા કરાવ્યા છે. તે પહેલા પણ લોકોએ શસ્ત્રો ભેગા કર્યા હતા. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે શનિવારે ઈમ્ફાલ પશ્ચિમ અને પૂર્વ, ચુરાચંદપુર, બિષ્ણુપુર અને તામેંગલોંગ જિલ્લામાં હથિયારો જમા કરવામાં આવ્યા હતા.

બિષ્ણુપુર જિલ્લામાં બે પિસ્તોલ, છ ગ્રેનેડ અને ૭૫ થી વધુ કારતૂસ સહિત પાંચ હથિયારો જમા કરવામાં આવ્યા હતા. તામેંગલોંગ જિલ્લાના કૈમાઈ પોલીસ સ્ટેશનમાં ૧૭ દેશી બનાવટની બંદૂકો, નવ 'પોમ્પી' (સ્થાનિક રીતે બનાવટના મોર્ટાર) અને કારતુસ જમા કરાવવામાં આવ્યા હતા. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, યૈનગંગપોકપી, પોરોમપટ, ચુરાચંદપુર અને લમસંગ પોલીસ સ્ટેશનમાં લગભગ ૧૦ હથિયારો અને કારતૂસ જમા કરાવવામાં આવ્યા હતા.શનિવારે ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાના સાઈરેમખુલમાં સર્ચ ઓપરેશન દરમિયાન એક આઈએનએસએએસ,એલએમજી ૨૦ રાઉન્ડ દારૂગોળો ભરેલા એક મેગેઝિન, એક એકે-૫૬ રાઈફલ, ત્રણ રાઈફલ, એક એક .૩૦૩ રાઈફલ, એક બંદૂક, ડેટોનેટર વિનાના ચાર ગ્રેનેડ, એક ચાઈનીઝ હેન્ડ ગ્રેનેડ અને અન્ય વસ્તુઓ પણ જપ્ત કરવામાં આવી હતી.

## ભારત વિશ્વમાં સૌથી ઝડપથી ઉભરતી ઈકોનોમી બનશેઃ IMF

નવી દિલ્હી, તા.૨

ભારતીય અર્થવ્યવસ્થા ઝડપથી ઉભરી રહી હોવાનો રિપોર્ટ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે (IMF) આપ્યો છે. IMFએ ભારતના અર્થતંત્ર પર વિશ્વાસ વ્યક્ત કરતાં કહ્યું છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારત વિશ્વમાં સૌથી ઝડપથી ઉભરતી ઈકોનોમી બનશે, જીડીપી ગ્રોથ ૬.૫ ટકા રહી શકે છે. આ સિવાય જીડીપી ગ્રોથ જાળવી રાખવા અમુક પગલાંઓ લેવા પણ સલાહ આપી છે. જેથી વિશ્વની ત્રીજી ટોચની ઈકોનોમી બનવાનો ટાર્ગેટ ઝડપથી હાંસલ કરી શકાય. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ત્રીજા ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથ ૬.૨ ટકા નોંધાયો છે. જો કે, તે અપેક્ષિત ૬.૩ ટકાના જીડીપી ગ્રોથ સામે ઓછો છે. બીજા ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથ ૫.૬ ટકા નોંધાયો હતો. નાણાકીય વર્ષના અંતે



જીડીપી ગ્રોથ ૬.૫ ટકા નોંધાવાનો અંદાજ છે. IMF એ જીડીપી ગ્રોથ જાળવી રાખવા ભારતને અમુક સલાહ પણ આપી છે. જે અનુસાર, મજબૂત ખાનગી રોકાણ અને એફડીઆઈને પ્રોત્સાહન આપવુ પડશે. નીતિગત માળખું, વેપાર કરવામાં સરળતાં તેમજ ટેરિફ-નોન ટેરિફ કપાતના માધ્યમથી બિઝનેસને એકીકૃત કરવો પડશે. વૈશ્વિક પડકારો વચ્ચે ભારતનો જીડીપી ગ્રોથ ઝડપથી વધી રહ્યો છે. આ વેગને જાળવી રાખવા વ્યાપારિક, આર્થિક અને નાણાકીય સ્થિરતા આવશ્યક છે. ભારતના ખાનગી વપરાશમાં મજબૂત વૃદ્ધિનો ટેકો મળી રહ્યો છે.

જીડીપી ગ્રોથમાં નજીવો ઘટાડો નોંધાયો હોવા છતાં ભારતીય અર્થતંત્ર વિકસી રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ છ માસમાં વાર્ષિક છ ટકાના દરે ગ્રોથ નોંધાયો છે. મોંઘવારીનો દર આરબીઆઈના નિર્ધારિત ૨-૬ ટકાના સ્તરે સ્થિર રહ્યો છે. IMFનું નવુ મૂલ્યાંકન ભારતની આર્થિક તાકાતને રેખાંકિત કરે છે. તેમજ લોંગટર્મ સમૃદ્ધિ સુનિશ્ચિત કરતાં ૨૦૪૭ સુધી દેશ વિકસિત રાષ્ટ્ર બનવાનો લક્ષ્ય હાંસલ કરશે.IMFએ ભારતીય અર્થવ્યવસ્થા અંગે રાહતભર્યા સમાચાર આપ્યા છે. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના ઈકોરેપ રિપોર્ટમાં પણ સરકારની શ્રેષ્ઠ નીતિઓ અને ડીબીટી પ્રણાલીના લીધે ભારતમાં માથાદીઠ જીડીપી રૂ. ૨.૩૫ લાખ સુધી પહોંચવાનો અંદાજ છે. છેલ્લા બે નાણાકીય વર્ષમાં માથાદીઠ જીડીપી રૂ. ૪૦૦૦૦ વધ્યો છે. તેમજ જીડીપી ગ્રોથ અંદાજ પણ ચાલુ નાણાકીય વર્ષમાં ૬.૫ ટકા નોંધાવાનો લક્ષ્યાંક આપ્યો છે.

#### રમઝાન મહિનો શરુ થતાં જ ઈઝરાયલે

## ગાઝા પટ્ટીમાં પાણી સહિત તમામ વસ્તુઓની સપ્લાય અટકાવી

ગાઝા, તા.૨

ઈઝરાયલે ગાઝા પટ્ટીમાં મળતી તમામ સહાય અને પુરવઠો રોકી દીધો છે. ઈઝરાયલે કહ્યું કે, તે ગાઝા પટ્ટીમાં તમામ માલસામાન અને પુરવઠાના પ્રવેશને રોકવામાં આવી રહ્યો છે. વડાપ્રધાન કાર્યાલયે આ નિર્ણય અંગે વધુ માહિતી નથી આપી, પરંતુ ચેતવણી આપી હતી કે જો હમાસ ઈઝરાયલ તરફ યુદ્ધવિરામ લંબાવવાના યુએસ પ્રસ્તાવને સ્વીકારશે નહીં તો તેને વધારાના પરિણામો ભોગવવા પડશે.

સહાય પુરવઠો સંપૂર્ણપણે રોકી દેવામાં આવ્યો છે કે નહીં, તે તાત્કાલિક સ્પષ્ટ થયું ન હતું. ઈઝરાયલ-હમાસ યુદ્ધવિરામનો પહેલો તબક્કો, જેમાં માનવતાવાદી સહાયમાં વધારો શામેલ હતો, શનિવારે સમાપ્ત થયો. બંને પક્ષોએ હજુ સુધી બીજા તબક્કા માટે વાટાઘાટો કરી નથી, જેમાં હમાસ ઈઝરાયલી પાછા ખેંચવા અને કાયમી યુદ્ધવિરામના બદલામાં બાકીના ડઝનબંધ બંધકોને મુક્ત કરશે. ઈઝરાયલે આ અગાઉ રવિવારે કહ્યું હતું કે, તે યુદ્ધવિરામના પહેલા તબક્કાને રમઝાન અથવા ૨૦ એપ્રિલ સુધી લંબાવવાના પ્રસ્તાવને સમર્થન આપે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, આ પ્રસ્તાવ ટ્રમ્પ



વહીવટીતંત્રના મધ્યપૂર્વના રાજદૂત સ્ટીવ વિટકોફ તરફથી આવ્યો છે.

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલય અનુસાર આ પ્રસ્તાવ હેઠળ હમાસ પહેલા દિવસે અડધા બંધકોને મુક્ત કરવામાં આવશે અને બાકીનાને કાયમી યુદ્ધવિરામ પર સંમતિ થયા પછી મુક્ત કરશે. એક વર્ષથી વધુ સમયથી ઈઝરાયલ અને હમાસ વચ્ચે મધ્યસ્થી કરી રહેલા યુનાઈટેડ સ્ટેટ્સ, ઈજિપ્ત કે કતાર તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. હમાસે હજુ સુધી આ પ્રસ્તાવનો કોઈ જવાબ આપ્યો નથી. ઈઝરાયેલે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપના દૂત સ્ટીવ વિટકોફના પ્રસ્તાવનો સ્વીકાર કરી લીધો છે, જેમાં રમજાન અને પાસઓવર દરમિયાન ગાઝામાં અસ્થાળી યુદ્ધ વિરામની વાત કહી હતી.

#### કાર્યકરની હત્યા બાદ માતાએ કોંગ્રેસ પર ઉઠાવ્યા સવાલ

## ચૂંટણીએ દીકરીનો જીવ લીધો, કોઈ પૂછવા પણ નથી આવ્યું

રોહતક, તા.૨

કોંગ્રેસની સક્રિય કાર્યકર હિમાની નરવાલની હત્યા બાદ હરિયાણામાં રાજકારણ ગરમાયું છે. હિમાનીની માતા સવિતા રાની અને ભાઈ જતીન નરવાલે હિમાનીનો મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરી દીધો છે. તેમણે કહ્યું કે જ્યાં સુધી હત્યારાઓ નહીં પકડાય ત્યાં સુધી તેઓ મૃતદેહ સ્વીકારશે નહીં.

હિમાની માતાએ કહ્યું કે આ ચૂંટણીઓએ મારી પુત્રીનો જીવ લીધો છે. દીપેન્દ્ર હુડ્ડા, ભૂપિન્દર સિંહ હુડ્ડા અને ધારાસભ્ય સાથે સંપર્કમાં હતી. તેમની સાથે બેઠકો કરતી, સામાજિક કાર્યમાં જોડાતી હતી. રાહુલ ગાંધીની મુલાકાત દરમિયાન તે કાશ્મીર અને લાલ ચોક પણ ગઈ હતી. તેણે ૧૧ દિવસની યાત્રામાં ભાગ લીધો હતો. પરંતુ આજે તેની હત્યા બાદ કોંગ્રેસના કોઈ કાર્યકર પૂછવા કે જોવા પણ આવ્યું નથી. તેમણે કોઈએ ફોન કરીને સાંત્વના કે શોક પણ વ્યક્ત કર્યો નથી.





હિમાનીની માતાએ આગળ જણાવ્યું કે, ચૂંટણી દરમિયાન પક્ષના નેતાઓ સાથે નાના-મોટા ઝઘડા થતાં હતાં. તેના વિશે મારી દિકરી મને જણાવતી હતી. જ્યાં સુધી તેના હત્યારાઓની ધરપકડ નહીં થાય ત્યાં સુધી મારી દિકરીના અંતિમ સંસ્કાર નહીં કરૂ. સવિતા રાનીએ જણાવ્યું કે, 'પક્ષે મારી દિકરીનો જીવ લીધો. જેના લીધે તેના અમુક દુશ્મનો બન્યા. આ હત્યારો પક્ષમાંથી પણ હોઈ શકે છે, તેનો મિત્ર પણ હોઈ શકે છે. ૨૮ ફેબ્રુઆરીએ તે ઘરે હતી. અમને પોલીસ સ્ટેશનમાંથી ફોન આવ્યો હતો. મારી દિકરી આશા હુડ્ડા (ભુપિન્દર સિંહ હુડ્ડાની પત્ની)ની નજીક હતી. જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી હું અંતિમ સંસ્કાર નહીં કરૂ. મારા મોટા દિકરાની ૨૦૧૧માં હત્યા થઈ હતી. ત્યારે પણ અમને ન્યાય નહોતો મળ્યો. આથી મારા બીજા દિકરાનો જીવ બચાવવા હું તેને બીએસએફ કેમ્પ લઈ ગઈ. ચૂંટણી બાદ મારી દિકરી પક્ષથી નારાજ હતી. તેણે કહ્યું હતું કે, તેને નોકરી કરવી છે હવે, પક્ષ માટે વધુ કામ કરવા માગતી નથી. છેલ્લા દસ વર્ષથી તે કોંગ્રેસમાં જોડાયેલી હતી. તે લગ્ન કરવા પણ રાજી થઈ હતી. મને સવારે આશા હુડ્ડાને ફોન કર્યો હતો, પરંતુ તેમણે મારો ફોન રિસિવ ન કર્યો.

#### વ્હાઈટ હાઉસે કરી જાહેરાત

## ઝેલેન્સ્કીના ઉગ્ર વલણથી અમેરિકા નારાજ, હવે કોઈ ફંડિંગ નહીં

વોશિંગ્ટન, તા.૨

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી અને વિશ્વની મહાસત્તા ધરાવતો દેશ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે શુક્રવારે ઉગ્ર વિવાદ થતાં અમેરિકા નારાજ થયુ છે. અમેરિકાના પ્રેસ સચિવ કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે, અમેરિકા યુક્રેનને હવે કોઈ સૈન્ય સહાયતા આપશે નહીં. તેની પ્રાથમિકતા શાંતિ વાર્તા છે. સ્થાયી શાંતિ વિના અમે અન્ય કોઈ દેશને યુદ્ધ માટે ફંડ આપીશુ નહીં. ટ્રમ્પ અને ઝેલેન્સ્કી વચ્ચે ચડભડ બાદ ટ્રમ્પ સરકાર યુક્રેનમાં મોકલવામાં આવી રહેલા અબજો ડોલરની સૈન્ય સહાયની શિપમેન્ટ પણ અટકાવવા વિચારી રહ્યું છે. ઝેલેન્સ્કીના યુદ્ધ તરફી વલણને ધ્યાનમાં રાખતાં અમેરિકા અબજો ડોલરની રડાર, આર્મી વાહન, બોમ્બ-વિસ્ફોટક અને મિસાઈલનો પુરવઠો અટકાવશે.



યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ વિશ્વની મહાસત્તા ધરાવતા અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ સાથે બાખડ્યા બાદ આજે રવિવારે લંડનમાં યુરોપિયન દેશઓની એક સમિટમાં ભાગ લેવા પહોંચ્યા છે. ઝેલેન્સ્કીના વ્હાઈટ હાઉસમાં ઉગ્ર વલણ બાદ પણ યુરોપના દેશો યુક્રેનના સમર્થનમાં છે. શનિવારે ઈંગ્લેન્ડ પહોંચતાં જ બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મરે ઝેલેન્સ્કીને ગળે મળ્યા હતાં. અને ઉમેળકાભેર સ્વાગત કર્યું હતું. રસ્તાઓ પર લોકોએ સુત્રોચ્ચાર સાથે ઝેલેન્સ્કીને આવકાર્યો હતો. લંડનમાં આજે યોજનારી સમિટમાં ફ્રાન્સ, જર્મની, ડેનમાર્ક, ઈટલી સહિત ૧૩ યુરોપિયન દેશ સામેલ થશે. તેમજ NATOના મહાસચિવ અને યુરોપિયન યુનિયન તથા યુરોપિયન કાઉન્સિલના પ્રેસિડન્ટ પણ સામેલ રહેશે.

બ્રિટને યુક્રેનને રૂ. ૨૪,૦૦૦ કરોડની લોન આપી છે. જેના પર શનિવારે બ્રિટિશ પીએમ સ્ટાર્મર અને યુક્રેન રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ધ કીવ પોસ્ટના રિપોર્ટ અનુસાર, S7 દેશોના એક્સ્ટ્રા-ઓર્ડિનરી રેવેન્યુ એક્સિલરેશન (ERA) પહેલ હેઠળ આ લોન આપવામાં આવી છે. યુક્રેન આ લોનનો ઉપયોગ જરૂરી હથિયાર ખરીદવા માટે કરશે. ગતવર્ષે ઓક્ટોબરમાં G7 દેશોએ યુક્રેનને ૫૦ અબજ ડોલર (રૂ. ૪.૩ લાખ કરોડ)ની સહાય આપવાનું વચન આપ્યું હતું.

#### CM હિમંતાએ રાહુલ-મમતા પર સાધ્યું નિશાન

## તમે ખતમ થઈ જશો, પરંતુ હિન્દુ ધર્મ ક્યારેય ખતમ નહીં થાય

દીસપુર, તા.૨

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ ઔરંગઝેબનો ઉલ્લેખ કરી કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, 'હિન્દુઓને મુસ્લિમો અને ખ્રિસ્તીઓથી નહીં, પરંતુ લેફ્ટ લિબરલથી ખતરો છે.'

મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ લોકોને સંબોધતી વખતે કહ્યું કે, 'મેં કેટલાક લોકોના ભાષણ સાંભળ્યા, જેમાં તેઓ સમજે છે કે, જ્યારથી અમે બંધારણનો સ્વિકાર કર્યો, ત્યારથી ભારત વર્ષની શરૂઆત થઈ. પરંતુ એવું બિલકુલ નથી. ભારત એક સભ્યતા છે, જે ૫૦૦૦ વર્ષ જૂની છે. ઔરંગઝેબે કસમ ખાધી હતી કે, તે હિન્દુ ધર્મને ખતમ કરશે, જોકે તે હિન્દુ ધર્મને ખતમ ન કરી શક્યો અને પોતે જ ખતમ થઈ ગયો. જો રાહુલ ગાંધી અને મમતા બેનરજી વિચારતા હોય કે, હિન્દુ ખતમ થઈ જશે, તો હું કહેવા માંગું છું કે, તમે ખતમ થઈ જશો, પરંતુ હિન્દુ ધર્મ ક્યારેય ખતમ નહીં થાય.' તેમણે કહ્યું કે, 'લેફ્ટ લિબરલ લોકોએ ધીમે ધીમે દેશને ઘેરી લીધો હતો, ત્યારબાદ એવા લોકોને પદ્મશ્રી મળ્યા, જેઓ ખાસ કરીને હિન્દુઓ વિરુદ્ધ બોલતા હતા. ૨૦૧૪ સુધી એવું લાગતું હતું કે, હવે દેશ આગળ નહીં આવી શકે. તે વખતે એટલા બધા કૌભાંડો થયા, હિન્દુઓને કોર્ટમાં ઉભા કરી દેવાયા અને કહેવાયું કે, હિન્દુ ન બોલો સેક્યુલર બોલો... એટલું જ નહીં વડાપ્રધાને પણ એવું કહ્યું હતું કે, દેશના સંશાધનો પર માઈનોરિટીનો પ્રથમ અધિકાર રહેશે, પરંતુ યદા-યદા હી ધર્મસ્ય અને આપણી પાસે મોદી આવ્યા. હું માનતો નથી કે, હિન્દુઓને મુસ્લિમો અને ખ્રિસ્તીઓથી ખતરો હોય. વાસ્તવમાં આ બંને ભારતમાં લઘુમતીઓ છે. હિન્દુઓને આપણા સમાજથી જ ખતરો છે.'

હું માનું છું કે, આપણને સૌથી વધુ લેફ્ટ અને લિબરલ લોકોથી ખતરો છે, આ જે બંગાળની હાલત છે. હિન્દુઓને અહીં નબળા કરવામાં આવ્યા. મમતા બેનરજીને આ વિરાસતમાં મળ્યું છે, પરંતુ તે માટે લેફ્ટ અને લિબરલ જવાબદાર છે. આજે તે જ વિરાસતની ટ્રીટમેન્ટ તેમને મળી રહી છે. આપે હિન્દુઓને ગૌમાસ ખવડાવતા શીખવાડ્યું, પરંતુ તમે ભુલી ગયા છો કે, જો આપણા પૂર્વજોએ ગાયનું દૂધ ન પીધું હોત તો આજે આપણો જન્મ જ થયો ન હોત. હું હંમેશા માનું છું કે, જ્યારે સુધી ભારતના હિન્દુઓ સુરક્ષિત રહેશે, ત્યાં સુધી અન્ય ધર્મ પણ સુરક્ષિત રહેશે.'

#### મતદાર યાદીમાં ભૂલોથી લઈને

## મતદાન ટકાવારી સુધી, ચૂંટણી પંચ રાજકીય પક્ષોની ફરિયાદોનું નિરાકરણ લાવશે

નવીદિલ્હી,તા.૨

કેરળ કેડરના ૧૯૮૮ બેચના નિવૃત્તૈં છજી જ્ઞાનેશ કુમારે ૧૯ ફેબ્રુઆરીએ ભારતના ચૂંટણી પંચના ૨૬મા મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે કાર્યભાર સંભાળ્યા પછી, ૪ અને ૫ માર્ચે દિલ્હીમાં ઓલ ઈન્ડિયા સીઈઓની બેઠક બોલાવવામાં આવી છે. સીઈસીનો પદ સંભાળ્યા પછી જ્ઞાનેશ કુમારની દેશના તમામ સીઈઓ સાથે આ પહેલી મુલાકાત હશે. જેમાં મતદાર યાદી અપડેટ કરવાથી લઈને ચૂંટણી યોજવા સુધીની કોઈપણ સમસ્યાઓ અથવા આ સિસ્ટમને વધુ કેવી રીતે સુધારી શકાય તે શામેલ છે. આ માટે બધા પાસેથી સૂચનો પણ માંગવામાં આવશે.

સૂત્રો કહે છે કે આ બેઠક મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે કારણ કે આ બેઠકમાં પહેલીવાર દેશના તમામ રાજ્યોના સીઈઓ એટલે કે મુખ્ય ચૂંટણી અધિકારીઓને જ નહીં, પરંતુ મતદાર યાદી તૈયાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા ઈઆરઓ એટલે કે ચૂંટણી નોંધણી અધિકારીઓ અને ડીઈઓ એટલે કે જિલ્લા ચૂંટણી અધિકારીઓને પણ બોલાવવામાં આવ્યા છે.

અહેવાલ મુજબ, આ બેઠકમાં, મતદાર યાદી તૈયાર કરવામાં આવતી સમસ્યાઓ અને તેના ઉકેલો વિશે સમગ્ર ભારત સ્તરે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવશે. જેથી તેમાં વધુને વધુ પારદર્શિતા લાવી શકાય. મહારાષ્ટ્ર અને દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીઓ દરમિયાન ચૂંટણી પંચ મોટા વિવાદોમાં ફસાયું હતું, ખાસ કરીને મતદાર યાદીમાંથી મતદારોના નામ ઉમેરવા અને કાઢી નાખવાની રીતને લઈને.

કમિશન ઈચ્છે છે કે ભવિષ્યમાં આવી સમસ્યા ફરી ઊભી ન થાય. તેથી, મતદાર યાદી અપડેટ કરતી વખતે, વિવિધ રાજકીય પક્ષો અને સામાન્ય લોકોને મહત્તમ સ્તરે સંતોષ આપવા માટે એક યોજનાની ચર્ચા કરવામાં આવશે. જેમાં, જો કોઈ મતદારને મતદાર યાદીમાંથી ઉમેરવાનો હોય અથવા ખાસ કરીને કાઢી નાખવાનો હોય, તો તે મતદારે ૧૦૦% જાણવું જોઈએ કે તેનું નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યું છે, પછી ભલે તે કોઈપણ આધારે કાઢી નાખવામાં આવ્યું હોય.

સૂત્રો કહે છે કે ભવિષ્યમાં, જે મતદારોના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવશે તેમને તેમના મોબાઈલ ફોન પર સંદેશા મોકલીને અને ઈમેઈલ સહિત અન્ય માધ્યમો દ્વારા તાત્કાલિક જાણ કરવામાં આવી શકે છે. જેથી જો કોઈ સાચા મતદારનું નામ મતદાર યાદીમાંથી દૂર થાય, તો તે સમયસર તેને પડકારી શકે અને ફરીથી મતદાર યાદીમાં પોતાનું નામ ઉમેરી શકે.

સૂત્રો કહે છે કે બેઠકમાં આ મુદ્દા પર પણ ચર્ચા થવાની અપેક્ષા છે કે એકવાર કોઈપણ પુખ્ત વયના વ્યક્તિનું મતદાર કાર્ડ બની જાય અને કોઈપણ કારણોસર તે બીજા વિસ્તાર કે રાજ્યમાં સ્થળાંતર કરે, તો તે મતદારનો મતદાર કાર્ડ નંબર એ જ રહેવો જોઈએ. એનો અર્થ એ કે, શું દરેક મતદાર પાસે એક અનોખો નંબર હોઈ શકે?

શ્રી નૂતન સૌરાષ્ટ્ર
SINCE 1948
SHRI NUTAN SAURASHTRA

# ભારતમાં વ્યાપક પ્રશાસનિક સુધારા જરૂરી

એલન મસ્ક અને નરેન્દ્ર મોદીમાં એમ તો દેખીતી કોઈ સમાનતા નથી, માત્ર એક વાતે સમાનતા છે - તે ઓછા ખર્ચે વધુમાં વધુ ગવર્નન્સ. ૨૦૧૪માં વડાપ્રધાન બન્યા બાદ મોદીએ જવાબદાર સરકાર બનાવવાનો વાયદો કર્યો હતો, પરંતુ જલ્દી તેમને ખબર પડી કે નોકરશાહી સામે શિંગડાં ભરાવવાને બદલે દેશને મજબૂત આર્થિક વિકાસના રસ્તે લઈ જવો સારી રણનીતિ છે. મોદીની હાલની અમેરિકી યાત્રામાં તેઓ એલન મસ્કને મળેલા. જો મોદી ટ્રમ્પના 'મેક અમેરિકા ગ્રેટ અગેન'ની જેમ જ 'મેક ઈન્ડિયા ગ્રેટ અગેન'નો નારો ઘડી શકે તો તેઓ મસ્કની કાર્યપ્રણાલી પર આંશિક રૂપે જ અમલ કેમ ન કરી શકે? રાષ્ટ્રપતિ ચૂંટણી દરમ્યાન ટ્રમ્પે મસ્કના નેતૃત્વમાં સરકારી કુશળતા સાથે જોડાયેલા એક વિભાગની જાહેરાત કરી હતી, જેનું લ-ય 'સરકારી નોકરશાહીને ખતમ કરવાનું, વિનિયમનમાં ઘટાડો કરવાનું, ખોટા ખર્ચા ઘટાડવાનું અને સંઘીય એજન્સીઓને પુનર્ગઠિત કરવાનું' જણાવ્યું હતું.

હવે મસ્ક અમેરિકી નોકરશાહીની પાંખો કાપી રહ્યા છે. તેમનું લ-ય વાર્ષિક બે ટ્રિલિયન ડોલરની બચત કરવાનું છે, જે અમેરિકી પ્રશાસનના કુલ ખર્ચના ૨૮ ટકા છે. બે ટ્રિલિયન ડોલર ભારતના જીડીપીના લગભગ અડધા છે. સાત દાયકાથી પણ વધુ સમયમાં નિર્મિત નોકરશાહીના વિશાળ માળખાને તોડી પાડવું ભારતને પોષાય નહીં, પરંતુ મોદી અને તેમના સલાહકાર વોશિંગ્ટનના જરૂરી સંદેશને તો સમજી જ શકે છે. ભારતે વ્યાપક પ્રશાસનિક સુધારની જરૂર છે. વડાપ્રધાન સતત 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' માટે બહેતર માહોલનો વાયદો કરતા રહ્યા છે. તેમની પ્રશાસનિક અને કાયદાકીય પહેલો છતાં આપણી કાર્યપાલિકા હજુ પણ ત્વરિત નિર્ણયોના રસ્તામાં સૌથી મોટી અડચણ છે. આઝાદી બાદ ભારતે નાનકડા મંત્રીમંડળ સાથે શરૂઆત કરી હતી. જવાહરલાલ નેહરનું ૧૪ સદસ્યોનું મંત્રીમંડળ અત્યાર સુધીનું સૌથી નાનું મંત્રીમંડળ હતું, જેમાં કોઈ રાજયમંત્રી કે ઉપમંત્રી ન હતા. ૧૯૭૧માં ઈન્દિરા ગાંધીના મંત્રીમંડળમાં ૧૩ કેબિનેટ મંત્રી, ૧૫ રાજયમંત્રી અને ૮ ઉપમંત્રી હતા.

મોરારજી દેસાઈની બિનકોંગ્રેસી સરકારમાં ૨૦ કેબિનેટ મંત્રી અને ૨૪ રાજયમંત્રી હતા. તેમના વડાપ્રધાન કાળમાં વાણિજય, નાગરિક પૂરવઠા અને સહકારિતા જેવા કેટલાય મંત્રાલયોને એક જ મંત્રાલય અંતર્ગત રાખવામાં આવ્યા હતા. રાજીવ ગાંધીએ વડાપ્રધાન બનતાં સર્વાધિક ૧૫ કેબિનેટ મંત્રી રાખ્યા અને અલગ ઊર્જા મંત્રાલય બનાવ્યું. મંત્રીમંડળનું પુનર્ગઠન કરતાં તેમણે માનવ સંસાધન નામે નવું મંત્રાલય બનાવ્યું. તેમના સમયે કોંગ્રેસના સાંસદોની સંખ્યા ૪૦૦ હતી, છતાં તેમણે કેબિનેટ મંત્રઓની સંખ્યા ન વધારી, જોકે તેમના મંત્રીમંડળમાં મંત્રીઓની સંખ્યા ૪૯ થઈ ગઈ હતી. પીવી નરસિંહા રાવે પણ કેબિનેટ મંત્રીઓની સંખ્યા ૧૬ રાખી હતી, પરંતુ તેમણે સ્વતંત્ર પ્રભારવાળા ૧૩ રાજયમંત્રી રાખ્યા હતા. કુલ ૫૯ મંત્રીઓવાળું તેમનું મંત્રીમંડળ આઝાદ ભારતનું સૌથી મોટું મંત્રીમંડળ હતું. ગઠબંધન સરકારના દોરમાં વાજપેયીના કેબિનેટ મંત્રી ૨૯ થઈ ગયા, જ્યારે સ્વતંત્ર પ્રભારવાળા સાત રાજયમંત્રી અદ્ધે ૩૪ ઉપમંત્રી હતા. મનમોહન સિંહ સમયે ૩૩ કેબિનેટ મંત્રી, સાત સ્વતંત્ર પ્રભારવાળા રાજયમંત્રી એ ૩૮ રાજયમંત્રી હતા. તેમના મંત્રીમંડળમાં મંત્રીઓની સંખ્યા ૭૮ હતી.

રાજકીય પ્રબંધનમાં નિષ્ણાત નરેન્દ્ર મોદીએ આ પરિપાટીને તોડી નહીં. ૨૦૧૪માં તેમના મંત્રીમંડળમાં ૨૯ કેબિનેટ મંત્રી, પાંચ સ્વતંત્ર પ્રભારવાળા રાજયમંત્રી અને ૩૬ રાજયમંત્રી હતા. મોદીનું મંત્રીમંડળ મોટું જ નહીં, પરંતુ અનેક મંત્રી કેટલાય મંત્રાલયોની જવાબદારી સંભાળી રહ્યા છે. જેમ કે ઉદ્યોગ મંત્રાલયની જવાબદારી ત્રણ મંત્રીઓની પાસે છે - વાણિજય જોનારા એક કેબિનેટ મંત્રી, જ્યારે ભારે ઉદ્યોગ અને લઘુ તથા મધ્યમ ઉદ્યમ માટે બે કેબિનેટ મંત્રી. આ ત્રણેય કેબિનેટ મંત્રીઓને આધીન કેટલાય રાજયમંત્રી પણ છે. એવી જ રીતે ટેક્નોલોજી સાથે જોડાયેલા મુદ્દાઓની જવાબદારી ત્રણ કેબિનેટ મંત્રીઓ પાસે છે. અશ્વિની વૈષ્ણવ કેબિનેટ મંત્રી છે, જેમની પાસે રેલવે ઉપરાંત ઈન્ફર્મેશન ટેક્નોલોજી અને ઈલેક્ટ્રોનિક્સની જવાબદારી છે.

### અમેરિકન ઈતિહાસની સૌથી મોટી છટણી !

# અમેરિકામાં ૨૦ હજારથી વધુ લોકોએ સરકારી નોકરી ગુમાવી

વોશિંગ્ટન, તા.૨

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સરકારી ખર્ચમાં સતત ઘટાડો કરી રહ્યા છે. તેમની સરકારે તાજેતરના ઈતિહાસમાં જાહેર કર્મચારીઓની સૌથી મોટી છટણીઓમાંની એક અમલમાં મૂકી છે. આના કારણે હજારો લોકોએ પોતાની નોકરી ગુમાવી છે. IRS, USAID, FEMA અને EPA જેવી મહત્વપૂર્ણ એજન્સીઓ સહિત અનેક એજન્સીઓમાં ૨૦,૦૦૦થી વધુ સરકારી કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા છે. આ પગલાથી સરકારના કામકાજ પર મોટી અસર થવાની ધારણા છે. એવું નથી કે ફક્ત નીચલા હોદ્દા પરના કર્મચારીઓને જ સરકારી નોકરીઓમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે, પરંતુ વરિષ્ઠ અધિકારીઓને પણ નોકરી મુકવાનો સમય આવી ગયો છે. સરકારના પુનર્ગઠન પ્રયાસોના ભાગ રૂપે ઘણા વરિષ્ઠ અધિકારીઓને બરતરફ કરવામાં આવ્યા છે. મોટાભાગના વરિષ્ઠ અધિકારીઓને દૂર કરવામાં આવ્યા છે કારણ કે તેમના કારણે બજેટ બગડી રહ્યું હતું. કેટલાક લોકોને યોગ્ય રીતે કામ ન કરવાને કારણે નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. ૨૦ થી વધુ વિભાગોમાંથી લોકોને છટણી કરવામાં આવ્યા છે.

ઈન્ટરનલ રેવન્યુ સર્વિસ (IRS) માં સૌથી વધુ નોકરીઓ ગુમાવવાનો કેસ નોંધાયો છે. અહીં લગભગ ૭,૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. ધ વોશિંગ્ટન પોસ્ટ અનુસાર, ૧૧૦ થી વધુ IRS ઓફિસો પણ બંધ થવા જઈ રહી છે. છટણીની બાબતમાં યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) બીજા ક્રમે છે, જ્યાં આશરે ૫,૬૦૦ કર્મચારીઓને ૧૫ મિનિટમાં કાઢી મૂકવામાં આવ્યા હતા. પર્યાવરણીય સુરક્ષા એજન્સી (EPA) ને ૬૫% સુધી સ્ટાફ ઘટાડવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૫ માં ટ્રાન્સપોર્ટેશન સિક્યુરિટી એડમિનિસ્ટ્રેશન (TSA) ના ૨૪૦થી વધુ કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા હતા. ફેડરલ ઈમરજન્સી મેનેજમેન્ટ એજન્સી (FEMA) માં પણ નોકરી ગુમાવવાની શક્યતા છે કારણ કે તેને DEIA પહેલમાં સામેલ કર્મચારીઓને ઓળખવા અને તેમને કાઢી મૂકવાના નિર્દેશો પ્રાપ્ત થયા છે. નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (NOAA) ના ૮૦૦ થી વધુ કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા હતા. રક્ષા વિભાગના ૫,૪૦૦ કર્મચારીઓને બહારનો રસ્તો દેખાડવામાં આવ્યો છે.

### મુંબઈના પાલઘરમાં વાઢવણ બંદર નજીક

# કૃત્રિમ બેટ બનાવી ભારતનું પ્રથમ ફ્લોટિંગ એરપોર્ટ બનાવાશે

પાલઘર, તા.૨

પાલઘર જિલ્લાના વાઢવણના દરિયા કાંઠે હજારો કરોડના ખર્ચે બંધાઈ રહેલા દેશના મોટામાં મોટા પોર્ટ પાસે સમુદ્રમાં કૃત્રિમ બેટ રચીને તેની ઉપર એરપોર્ટ બાંધવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે. સૂચિત એરપોર્ટને કેન્દ્ર સરકાર અને મહારાષ્ટ્ર સરકાર તરફથી પ્રાથમિક મંજૂરી મળી ગઈ છે. હવે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની સહાયથી આ એરપોર્ટ વ્યવહારૂ બની રહેશે કે નહીં એ વિશે અભ્યાસ શરૂ કરવામાં આવશે. લોકસભાની ચૂંટણીના પ્રચાર વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાઢવણના દરિયામાં એરપોર્ટની સૂચિત યોજનાનો સંકેત આપ્યો હતો.

વાઢવણમાં ૭૦ હજાર કરોડથી વધુ ખર્ચે દેશના મોટા કન્ટેનર પોર્ટનું નિર્માણ થવાનું છે. એટલે વાઢવણને એક્સસપ્રેસ-વે, હાઈવે તેમજ ડેડિકેટેડ રેલ ફ્રેટ કોરિડોરથી સાંકળવામાં આવશે. આ સાથે જ પોર્ટ નજીક એરપોર્ટની ખૂબ જ આવશ્યકતા છે. આ એરપોર્ટથી કાર્ગો પ્લેનની અવરજવર થઈ શકાશે, એટલું જ નહીં શિપિંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા દેશ- વિદેશના લોકો ચાર્ટર્ડ ફલાઈટમાં પહોંચી શકે એ માટે પણ વિમાનમથક જરૂરી છે. દરમ્યાન વાઢવણ પાસે બે હેલિપેડ બાંધવાની યોજનાને આ અગાઉ મંજૂરી મળી ગઈ છે. મુંબઈના ઈન્ટરનેશનલ એરપોર્ટથી વાઢવણ ૧૨૫ કિલોમીટર દૂર છે. એટલે મુંબઈના એરપોર્ટ પરથી વાઢવણ સુધી હેલિકોપ્ટર અથવા ચાર્ટર્ડ પ્લેનમાં ગણતરીની મિનિટોમાં પહોંચી શકાશે. આ કારણથી વાઢવણ એરપોર્ટનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે.હોંગકોંગનું ઈન્ટરનેશનલ એરપોર્ટ તેમજ જપાનના ઓસાકાનું કાનસાઈ એરપોર્ટ આજ રીતે સમુદ્રમાં કૃત્રિમ બેટ પર બાંધવામાં આવ્યું છે. આ બે એરપોર્ટ પરથી પ્રેરણા લઈને વાઢવણમાં કૃત્રિમ બેટ પર વિમાનમથકની યોજના ઘડવામાં આવી છે.

# મહારાષ્ટ્રના શનિ શિંગણાપુરમાં આજથી ભગવાન શનિની શિલા પર બ્રાન્ડેડ તેલ ચઢાવવામાં આવશે

અહમદનગર,તા.૨

મહારાષ્ટ્રના શનિ શિંગણાપુરમાં આજથી ભગવાન શનિના શિલા પર બ્રાન્ડેડ તેલ ચઢાવવામાં આવી રહ્યું છે. શનિદેવના પથ્થરને સુરક્ષિત રાખવા માટે, મંદિર ટ્રસ્ટ દ્વારા બ્રાન્ડેડ તેલ ચઢાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બ્રાન્ડેડ તેલ એટલે એવું તેલ જે સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત ખાદ્ય તેલ હોય અને તેલમાં હાજર તમામ ઘટકોની માહિતી તેલની બોટલ પર લખેલી હોય.હકીકતમાં, તાજેતરના વર્ષોમાં ભક્તોની સંખ્યામાં વધારો થવાને કારણે, શનિ શિંગણાપુરમાં નોન-બ્રાન્ડેડ તેલનું વિતરણ વધ્યું હતું. નોન-બ્રાન્ડેડ તેલમાં રહેલા રસાયણોના પ્રમાણને કારણે શનિદેવના શિલાને નુકસાન થવાની આશંકા હતી. આ કારણોસર, મંદિર ટ્રસ્ટ અને ગ્રામ સભાએ સંયુક્ત રીતે નિર્ણય લીધો કે દેવતાની મૂર્તિ પર ફક્ત બ્રાન્ડેડ તેલ જ ચઢાવવું જોઈએ. તમને જણાવી દઈએ કે ભક્તો દરરોજ ભગવાન શનિના શિલા પર સેંકડો લિટર તેલ ચઢાવે છે.

તમને જણાવી દઈએ કે શનિ શિંગણાપુરમાં શનિદેવના શિલા પર તેલનો અભિષેક કરવાની પરંપરા લગભગ ૪૦૦ વર્ષથી ચાલી આવે છે. શનિદેવના આશીર્વાદ મેળવવા માટે ભક્તો દૂર-દૂરથી તેલ ચઢાવવા આવે છે. જોકે, સમય જતાં વિવિધ પ્રકારના તેલના ઉપયોગથી ખડકની રચના પર પ્રતિકૂળ અસર થવાની શક્યતા વધી ગઈ છે. તેથી, મંદિર ટ્રસ્ટ અને ગ્રામસભાએ સંયુક્ત રીતે નિર્ણય લીધો છે કે હવેથી અભિષેક માટે ફક્ત બ્રાન્ડેડ ખાદ્ય તેલનો ઉપયોગ કરવામાં આવશે.આ ખાતરી કરશે કે તેલ શુદ્ધ અને ભેળસેળ રહિત છે, જે ખડકની લાંબા ગાળાની સલામતી સુનિશ્ચિત કરશે. જો શ્રદ્ધાળુઓ દ્વારા લાવવામાં આવતા તેલની ગુણવત્તા શંકાસ્પદ હશે, તો તે સ્વીકારવામાં આવશે નહીં અથવા તેને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (હ્વજીજીછૈં) દ્વારા પરીક્ષણ માટે મોકલવામાં આવશે. સ્થાનિક દુકાનદારોએ આ નિર્ણયનું સ્વાગત કર્યું છે. તેઓ માને છે કે ભગવાનની સેવા સર્વોપરી છે અને જો આપણે આપણા વપરાશ માટે શુદ્ધ તેલનો ઉપયોગ કરીએ છીએ, તો ભગવાનના અભિષેક માટે પણ શુદ્ધ તેલનો ઉપયોગ કરવો યોગ્ય છે.

# ત્રિશુળીયા ઘાટ નજીકની બસ દુર્ઘટનાના કેસમાં બસ ચાલકને કેદની સજા

## તા.૧/૧૦/૨૦૧૯ ના રોજ અંબાજીના દર્શન કરી પરત ફરતા શ્રદ્ધાળુઓની બસ પલ્ટી જતા ૨૧ ના મોત નિપજેલ

રાજકોટ, તા.૨

બનાસકાંઠા જીલ્લામાં આવેલ વિશ્વ પ્રસિધ્ધ અંબાજી મંદિર ખાતે આણંદ તથા સુરત જીલ્લાના શ્રધ્ધાળુઓ દર્શને આવેલ દર્શન કરી ખાનગી લકઝરી બસમાં પરત ફરી રહયા હતા ત્યારે અંબાજી અને દાંતા વચ્ચે અકસ્માતો માટે કુખ્યાત ત્રિશુળીયા ઘાટમાં બસના ચાલકે બસ પરનો કાબુ ગુમાવતા સર્જાયેલ અકસ્માતમાં ૨૧ વ્યક્તિના મોત નિપજેલ. આ દુર્ઘટનાના ઘેરા પગલા પડયા હતા. જેમાં બસના કેટલાક મુસાફરો દ્વારા બસ ચાલકની બેજવાબદારી તેમજ ઘાટમાં વધુ પડતી ઝડપના કારણે દુર્ઘટના સર્જાયાનુ જણાવેલ.

ત્રિશુળીયા ઘાટ નજીક સર્જાયેલ દુર્ઘટનામાં બસમાં ૭૦ જેટલા મુસાફરો સવાર હતા. તા.૧/૧૦/૨૦૧૯ ના રોજ સાંજના સમયે દુર્ઘટના સર્જાયેલ હતી. જેમાં ૩ મહિલા, બાળકો તેમજ ૧૧ પુરૂષોના મોત નિપજેલ હતા. ખાનગી લકઝરી બસમાં મુસાફરી કરતા મોટાભાગના શ્રધ્ધાળુ આણંદ જીલ્લાના આંકલાવ તાલુકાના ખડોલ તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારના હતા.

અંબાજી અને દાંતા વચ્ચે આવેલ અકસ્માતો માટે કુખ્યાત બનેલા ત્રિશુળીયા ઘાટમાં ખાનગી લકઝરી બસ પલ્ટી જતા ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયેલ અને બચાવ-રાહતની કામગીરી હાથ ધરવામાં આવેલ. ત્યાર બાદ પોલીસે બસ ચાલકની ધરપકડ કરી તેમના વિરૂધ્ધ અદાલતમાં અકસ્માત-દુર્ઘટના સર્જવા અંગેનુ તહોમતનામું રજૂ કરેલ જે પ્રકરણ ચાલી જતા બસચાલકને ૨૧ વ્યક્તિના મોત નિપજાવવા અને જવાબદારીથી વાહન ચલાવવા બદલ ૩ વર્ષની કેદની સજા ત્યાં દંડનો હૂકમ અદાલતે ફરમાવેલ છે.

# રાજકોટમાં વ્યાજખોરે લેબર કોન્ટ્રાકટર પાસે ૬૦ લાખની પઠાણી ઉઘરાણી કરી આપી ધમકી

## માસિક ૪૦ ટકાના વ્યાજે લીધેલા ૫ લાખના ૧૫ લાખ ચૂકવ્યા છતાં યુવાન વ્યાજના વિષચક્રમાં ફસાયો

રાજકોટ, તા.૨

રાજકોટ શહેરમાં વ્યાજખોરો સામે કડક કાર્યવાહી નહીં થવાથી વ્યાજખોરો બેફામ બન્યા છે. લેબર કોન્ટ્રાક્ટર યુવકે ધંધા માટે રૂ.૫ લાખ માસિક ૪૦ ટકા વ્યાજે લીધા હતા જેની સામે વ્યાજખોરને રૂ.૧૫ લાખ ચૂકવી દીધા હતા. આમ છતાં વ્યાજખોરે વધુ રૂ.૬૦ લાખની માંગ કરી ખૂનની ધમકી આપી હતી.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટ શહેરના કોઠારિયા વિસ્તારની શાનદાર ટાઉનશિપમાં રહેતા અને લેબર કોન્ટ્રાક્ટર તરીકે વ્યવસાય સંભાળતા હર્ષદભાઇ જાદવભાઇ લીંબાસિયા (ઉ.વ.૪૧)એ આજી ડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે નિકુલ ગઢવીનું નામ આપ્યું હતું. હર્ષદભાઇએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, દોઢ વર્ષ પહેલાં ધંધા માટે નાણાંની જરૂરિયાત ઊભી થતાં નિકુલ ગઢવી પાસેથી રૂ.૫ લાખ અઠવાડિયાના ૧૦ ટકા વ્યાજે લીધા હતા. હર્ષદભાઇ દર અઠવાડિયે રૂ.૫૦ હજાર વ્યાજના ચૂકવતા હતા, અને અત્યાર સુધીમાં વ્યાજખોર નિકુલ ગઢવીને કુલ રૂ.૧૫ લાખ ચૂકવી દીધા હતા, બાદમાં નાણાંની વ્યવસ્થા નહીં થતાં હર્ષદભાઇએ વ્યાજ ચૂકવવાનું બંધ કરતાં નિકુલ ગઢવી ફોન કરી નાણાંની પઠાણી ઉઘરાણી કરવા લાગ્યો હતો.

ગત તા.૧૯ ફેબ્રુઆરીના નિકુલ ગઢવીએ લેબર કોન્ટ્રાક્ટર હર્ષદભાઇને ફોન કરી વ્યાજ સહિત કુલ રૂ.૬૦ લાખની ઉઘરાણી કરી હતી અને આ અંગે પ્રોમિસરી નોટ લખી આપવા તાત્કાલિક જૂની કોર્ટ પાસે આવી જવા કહ્યું હતું અને લખાણ કરવા નહીં આવે તો જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી. બેફામ બનેલા વ્યાજખોર નિકુલ ગઢવીની ધમકીથી ગભરાઇ ગયેલા હર્ષદભાઇ અનેક દિવસ સુધી ગુમસુમ રહ્યા હતા અને અંતે મિત્રોને જાણ કરતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. પોલીસે ગુનો નોંધી આરોપી નિકુલ ગઢવીની શોધખોળ શરૂ કરી હતી.હર્ષદભાઇ લિંબાસિયાએ ફરિયાદમાં એમ પણ જણાવ્યું હતું કે, નિકુલ ગઢવી લાંબા સમયથી વ્યાજખોરીનો ધંધો કરે છે, પરંતુ તેની પાસે ધીરધારનું લાયસન્ય નથી. માસિક ચાલીસ-ચાલીસ ટકા સુધીનું તોતિંગ વ્યાજ વસૂલનાર નિકુલ ગઢવીના આ વ્યાજખોરીના ગોરખધંધા પાછળ કોઇ મોટા માથાની આશીર્વાદ હોવાની શંકા સેવાઇ રહી છે.

# રાજયમાં તા.૬ બાદ ફરી તાપમાનનો પારો ઉચકાશે

## ગુરૂવાર બાદથી ક્રમશ ગરમી વધશે તેમજ કેટલાક વિસ્તારોમાં તાપમાન ૪૦ ડીગ્રી ઉપર પહોંચશે

રાજકોટ, તા.૨

રાજ્યમાં છેલ્લા બે દિવસથી રાત્રીના સમયે તાપમાનનો ઉંચકાયેલ પારો ફરી થોડો નીચો ઉતરતા રાત્રીના ઠંડકનો અનુભવ તેમજ દિવસ દરમ્યાન પણ ઉચકાયેલ પારો થોડો નિયંત્રત થતા લોકોને અસહ્ય ગરમીમાંથી નજીવી રાહત મળેલ છે. રાજ્યમાં આગામી ૭૨ કલાક સુધી વાદળછાંયુ વાતાવરણ છવાયેલુ રહેનાર હોવાથી તાપમાનમાં નજીવો ફેરફાર થઈ શકે. પરંતુ હવામાન નિષ્ણાંતોનુ અનુમાન છે.

રાજ્યમાં ઉનાળાનો આરંભ સાથે તાપમાન ઉંચકાય રહેલ છે ત્યારે આજે રાજ્યમાં સૌથી ઉંચુ તાપમાન ડાંગ ખાતે ૩૫.૯, ગાંધીનગર ૩૫.૪, રાજકોટ ૩૫.૧, ભૂજ ૩૪.૭, અમદાવાદ ૩૪.૬, વડોદરા ૩૪.૬, અમરેલી ૩૪.૫ ઉપરાંત અન્ય શહેરોમાં મહત્તમ તાપમાન ૩૦ થી ૩૪ ડીગ્રી વચ્ચે નોંધાયુ હતુ.



રાજ્યમાં તા.૬ (૭૨ કલાક) બાદ ગરમીમાં ક્રમશ વધારો નોંધાતો જોવા મળશે જેમાં તા.૭ બાદ રાજ્યના અનેક શહેરોમાં તાપમાનનો પારો ૩૯ થી ૪૦ ડીગ્રી કે તેથી વધુ પણ ઉંચો જઈ શકે તેવુ વાતાવરણ ધીમેધીમે સર્જન પામશે તેવુ હવામાનશાસ્ત્રીઓ માની રહયા છે.

## સુડોકુ નં. ૧૮૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| | | 9 | 5 | | 6 | 7 | | |
| | 3 | 8 | 7 | | 4 | 5 | 1 | |
| 2 | | | 3 | 5 | 1 | | | 8 |
| | | 6 | | | | 2 | | |
| 8 | | | 6 | 7 | 2 | | | 9 |
| | 4 | 2 | 9 | | 7 | 3 | 8 | |
| | | 3 | 1 | | 8 | 9 | | |
| | | | | | | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧)દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨)દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩)પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪)શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૮૧નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 8 | 7 | 4 | 5 | 9 | 6 | 1 | 3 |
| 5 | 9 | 6 | 1 | 8 | 3 | 4 | 2 | 7 |
| 3 | 1 | 4 | 2 | 7 | 6 | 8 | 9 | 5 |
| 1 | 2 | 5 | 8 | 4 | 7 | 9 | 3 | 6 |
| 4 | 6 | 3 | 5 | 9 | 2 | 1 | 7 | 8 |
| 9 | 7 | 8 | 6 | 3 | 1 | 2 | 5 | 4 |
| 7 | 5 | 2 | 9 | 6 | 8 | 3 | 4 | 1 |
| 8 | 3 | 1 | 7 | 2 | 4 | 5 | 6 | 9 |
| 6 | 4 | 9 | 3 | 1 | 5 | 7 | 8 | 2 |

# આપની આજ...

મેષઃ આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓ ધીરજ અને હળવા વર્તનથી સુધારી શકાય છે.

વૃષભઃ આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઈનલ થઈ શકે છે. સરકાર તરફથી વિશેષ સન્માન મળી શકે છે.

મિથુનઃ આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે.

કર્કઃ આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. બહાર જતા પહેલાં બધી મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખો

સિંહઃ આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો, કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે અને સ્થાળાંતરણની યોજના સફળ થઈ શકે છે.

કન્યાઃ આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

તુલાઃ આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

વૃશ્ચિકઃ આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

ધનઃ આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. જો તમે રોજિંદા કાર્યો ઉપરાંત કેટલાક નવા કાર્યનો પ્રયાસ કરશો તો તમને ફાયદો થશે.

મકરઃ આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે.

કુંભઃ આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો. પરિવારમાં સુખ, શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો. બધા લોકો એકબીજાને મદદ કરશે અને સમય જતાં એકબીજાને ટેકો આપશે.

મીનઃ આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે.

# વડોદરા શહેરમાં રમઝાન માસ નિમિત શાળાનો સમય બદલાયો

## શિક્ષણ સમિતિના પરિપત્ર બાદ વિવાદ સર્જાયો

રાજકોટ, તા.૨

દેશ અને દુનિયાભરના દેશોમાં ગઈકાલથી મુસ્લિમોના પવિત્ર રમઝાન માસનો પ્રારંભ થતા મુસ્લિમ સમાજ દ્વારા રોઝા રાખવા સાથે ધાર્મિક પ્રાર્થનાઓ કરવામાં આવી રહેલ છે ત્યારે સામાન્ય રીતે આજ સુધી કયારેય પણ રમઝાન માસ દરમ્યાન શાળાનો સમય સ્થાનિક તંત્ર દ્વારા બદલાયો નથી પરંતુ વડોદરા શહેર શિક્ષણ સમિતિ દ્વારા રમઝાન માસ નિમિતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓનો સમય બદલવા અંગેનો પરિપત્ર બહાર પાડવામાં આવતા કેટલાક સંગઠનો દ્વારા બહાર પાડવામાં આવેલ પરિપત્રનો વિરોધ દર્શાવાયેલ છે. ઉપરાંત આ પરિપત્ર મામલે ઉચ્ચકક્ષાએ વિરોધ નોંધાવવા આવતીકાલે રજુઆતો કરવામાં આવનાર છે.

# દીવ : રમઝાન માસનું પહેલુ રોઝુ પાંચ વર્ષના બાળકે રાખ્યું



દિવ:પવિત્ર રમઝાન માસન પ્રથમ રોઝુ પાંચ વર્ષના બાળક સૈફ સલીમે રાખી અને ખુદાની ઈબાદત કરી હતી.

OWNER, EDITOR, PRINTER & PUBLISHER: VIKRAM HASMUKHRAI RAVAL, PLACE OF PRITING PRESS: RASHTRIYA PRINTER,14/B, BHAKTINAGAR IND. ESTATE, DIST- RAJKOT, GUJART, PLACE OF PUBLICATION: SHRI NUTAN SAURASHTRA, MAHENDRA IND. ESTATE, NEAR MAHARANI LAXMIBAI KANYA VIDHYALAYA, TAGORE ROAD, DIST-RAJKOT, GUJARAT

### ભાજપ માટે નકલી મતદારો બનાવવાનો આરોપ લગાવ્યો

# મમતા બેનર્જીએ બે રાજ્યોમાં એક સરખા વોટર આઈડી નંબરનો મુદ્દો ઉઠાવ્યા

કોલકાતા, તા.૨

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ તાજેતરમાં બે રાજ્યોમાં એક સરખા વોટર આઈડી નંબરનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેની મદદથી તેમણે ચૂંટણી પંચ પર ભાજપ માટે નકલી મતદારો બનાવવાનો પણ આરોપ લગાવ્યો. હવે આ મામલે ચૂંટણી પંચનો જવાબ આવ્યો છે. ચૂંટણી પંચનું કહેવું છે કે, એક જેવા વોટર આઈડી નંબરનો અર્થ એ નથી કે મતદાર ફર્જી છે. આયોગે કહ્યું, કેટલાક મતદારો પાસે સમાન મતદાર ફોટો ઓળખ કાર્ડ (EPIC) નંબર હોઈ શકે છે, પરંતુ તેમની વસ્તી વિષયક વિગતો, વિધાનસભા મતવિસ્તાર અને મતદાન મથકની માહિતી અલગ હશે. એક જેવા EPIC નંબર હોવા છતાં કોઈપણ મતદાર ફક્ત તેમના સંબંધિત મતવિસ્તારમાં નિયુક્ત મતદાન મથક પર જ મતદાન કરી શકે છે, જ્યાં તેમનું નામ મતદાર યાદીમાં નોંધાયેલ હોય. આ સિવાય તે બીજે ક્યાંય મતદાન કરી શકશે નહીં. ચૂંટણી પંચે સ્પષ્ટતા કરતાં કહ્યું કે, આ ડુપ્લિકેશન રાજ્યોના મતદાર યાદી ડેટાબેઝને ઈઈંદ્રઈ્ પ્લેટફોર્મ પર ખસેડવામાં આવે તે પહેલાં અનુસરવામાં આવતી વિકેન્દ્રિત અને મેન્યુઅલ સિસ્ટમને કારણે હતું. કેટલાક રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશનર કાર્યાલયોએ સમાન આલ્ફાન્યૂમેરિક સીરીઝનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે વિવિધ રાજ્યોના કેટલાક વિધાનસભા મતવિસ્તારોમાં મતદારોને ડુપ્લિકેટ EPIC નંબરો ફાળવવામાં આવ્યા હોવાની શક્યતા ઊભી થઈ હતી.

જોકે, ચૂંટણી પંચે હવે આવા મતદારોને યુનિક EPIC નંબર ફાળવવાનું સુનિશ્ચિત કરવાનો નિર્ણય લીધો છે. ડુપ્લિકેટ EPIC નંબરના દરેક કિસ્સામાં એક અનન્ય EPIC નંબર ફાળવીને સુધારો કરવામાં આવશે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ EPIC નંબરોમાં ડુપ્લિકેશનનો ઉલ્લેખ કરીને ભાજપ પર ચૂંટણી પંચ સાથે સાંઠગાંઠ કરીને આવતા વર્ષે બંગાળ વિધાનસભાની ચૂંટણી પહેલા રાજ્યની મતદાર યાદીમાં નકલી મતદારો ઉમેરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, મારી પાસે પશ્ચિમ બંગાળના તમામ જિલ્લાઓમાંથી પુરાવા છે. પશ્ચિમ બંગાળના રહેવાસીઓ સાથે હરિયાણા અને ગુજરાતના લોકોના નામ એક જ EPIC નંબર હેઠળ જોવા મળી રહ્યો છે. નકલી મતદારોને ઓનલાઈન ઉમેરવામાં આવ્યા છે.

# હિમાચલ પ્રદેશમાં છેલ્લા ત્રણ દિવસથી હિમવર્ષા અને વરસાદને કારણે ૫૮૦ થી વધુ રસ્તાઓ બંધ

નવી દિલ્હી, તા.૨

વરસાદ બાદ દિલ્હી-NCRનું તાપમાન ફરી એકવાર વધવા લાગ્યું છે. રવિવાર અને સોમવારે ફરી એકવાર ગરમી મુશ્કેલીમાં મુકાશે. ૪ અને ૫ માર્ચે પવન વધુ તીવ્ર બની શકે છે. આના કારણે તાપમાનમાં એક થી બે ડિગ્રીનો ઘટાડો થવાની ધારણા છે. જોકે, માર્ચ મહિનાની શરૂઆત છેલ્લા બે વર્ષની સરખામણીમાં સારી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, શનિવારે મહત્તમ તાપમાન ૨૮.૬ ડિગ્રી હતું. આ સામાન્ય કરતાં ૨.૫ ડિગ્રી વધુ છે. તે જ સમયે, લઘુત્તમ તાપમાન ૧૬.૬ ડિગ્રી છે. આ સામાન્ય કરતાં ૪.૧ ડિગ્રી વધુ છે. ૨૦૨૪માં ૧ માર્ચે મહત્તમ તાપમાન ૨૯.૬ ડિગ્રી અને ૨૦૨૩માં ૩૧.૨ ડિગ્રી હતું. તે જ સમયે, ૨૦૨૨ માં, માર્ચ મહિનાની શરૂઆત ૨૬ ડિગ્રી તાપમાન સાથે થઈ હતી.

સ્કાયમેટ મુજબ, માર્ચના પહેલા ૬ થી ૭ દિવસ હવામાન શુષ્ક રહેશે. ૩ માર્ચે પર્વતોમાં એક પશ્ચિમી વેસ્ટર્ન ડિસ્ટરબન્સ સક્રિય થઈ રહ્યો છે. તેની અસર પર્વતો સુધી મર્યાદિત રહેશે. આ કારણે દિલ્હીમાં વરસાદની કોઈ શક્યતા નથી, પરંતુ તેજ પવન ફૂંકાશે. આનાથી તાપમાનમાં એક થી બે ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે.

હિમાચલ પ્રદેશમાં છેલ્લા ત્રણ દિવસથી હિમવર્ષા અને વરસાદને કારણે ૫૮૦ થી વધુ રસ્તાઓ બંધ છે. કુલ્લુમાં પણ એક વ્યક્તિના મોતના સમાચાર છે. તે જ સમયે, જમ્મુ જિલ્લામાં પણ એક મૃત્યુ થયું હોવાનું કહેવાય છે. મળતી માહિતી મુજબ, હિમાચલના કુલ્લુમાં સરવરી નદીમાં આવેલા પૂરથી ત્રણ ઘરો તણાઈ ગયા હતા. મંડી જિલ્લાના બરોગમાં વાદળ ફાટવાથી રસ્તાઓને નુકસાન થયું હતું, જોકે, કોઈ જાનહાનિના સમાચાર નથી.

શિમલા ઉપર નારકંડા અને તેનાથી આગળ ભારે હિમવર્ષાને કારણે બધું જ બંધ છે. લાહૌલ સ્પીતિમાં પણ તોફાન આવ્યું છે.

### ડ્રોનથી કરવામાં આવી રહી છે શોધ

# ચમોલી હિમસ્ખલનમાં ૪ કામદાર હજુ પણ લાપત્તા



ચમોલી, તા.૨

ભારતીય વાયુસેનાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, રવિવારે ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં હિમપ્રપાતગ્રસ્ત વિસ્તારોમાં સર્ચ ઓપરેશન માટે એક Mi-17 હેલિકોપ્ટર ડ્રોન આધારિત ઈન્ટેલિજન્ટ બરીડ ઑબ્જેક્ટ ડિટેક્શન સિસ્ટમને એરલિફ્ટ કરવા માટે તૈયાર છે. ૨૮ ફેબ્રુઆરીએ જોશીમઠના માના ગામ પાસે BRO કેમ્પમાં થયેલા હિમસ્ખલન બાદ વાયુસેનાના ચિતા હેલિકોપ્ટર શનિવારથી ચમોલીના માણા વિસ્તારમાં બચાવ કામગીરીમાં લાગેલા છે.

ઉત્તરાખંડ રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન સચિવ વિનોદ કુમાર સુમને કહ્યું, "હવામાન અમારી તરફેણમાં છે. કુલ ૫૪ (BRO કર્મચારીઓ) ગુમ થયા હતા, ૫૦ને બચાવી લેવામાં આવ્યા છે "ચાર લોકો હજુ પણ ગુમ છે, અને શોધ અને બચાવ કામગીરી ચાલી રહી છે, અને અમને આશા છે કે અમે તેમને ટૂંક સમયમાં શોધી લઈશું." ઈજાગ્રસ્ત બીઆરઓ કર્મચારીઓને વધુ સારવાર માટે જોશીમઠ આર્મી હોસ્પિટલ માટે એરલિફ્ટ કરવામાં આવી રહ્યા છે.

હિમપ્રપાત બાદ બરફમાં ફસાયેલા બાકીના કામદારોને શોધવા માટે આજે SDRFની ટીમ વિક્ટિમ લોકેટિંગ અને થર્મલ ઈમેજ કેમેરા સાથે રવાના થઈ હતી. પોલીસ મહાનિરીક્ષક, SDRF રિદ્ધિમા અગ્રવાલની સૂચના અનુસાર, SDRFની નિષ્ણાત ટીમને માણા હિમસ્ખલન દરમિયાન ગુમ થયેલા કામદારોને શોધવા માટે વિક્ટિમ લોકેટિંગ કેમેરા (VLC) અને થર્મલ ઈમેજ કેમેરા સાથે સહસ્ત્રધારાથી હેલિકોપ્ટર મારફતે ઘટનાસ્થળે મોકલવામાં આવી છે. સાધનસામગ્રી (વિક્ટિમ લોકેટિંગ કેમેરા (VLC) અને થર્મલ ઈમેજ કેમેરા)ની મદદથી શોધ કરવામાં આવશે.

ચમોલી જિલ્લા મેજિસ્ટ્રેટ સંદીપ તિવારીએ શનિવારે જણાવ્યું હતું કે બચાવ કરાયેલા ૨૪ બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO) કામદારોની જોશીમઠમાં સારવાર ચાલી રહી છે, જ્યારે એક વ્યક્તિને કરોડરજ્જુમાં ઈજા થતાં એર એમ્બ્યુલન્સ મારફતે AIIMS ઋષિકેશ મોકલવામાં આવ્યો છે. મુખ્યમંત્રીએ ગઈકાલે સવારે હિમપ્રપાત પ્રભાવિત વિસ્તારનું હવાઈ સર્વેક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રીએ આર્મી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કર્મચારીઓને મળ્યા હતા અને તેમની ખબર-અંતર પૂછ્યા હતા.

### બિહારમાં પિતા બન્યો હેવાન

# પિતાએ દીકરી પર આચર્યું દુષ્કર્મ, લોક લાજને કારણે માતા મૌન રહી

રોહતાસ, તા.૨

બિહારના રોહતાસ જિલ્લામાં શનિવારે પિતા અને પુત્રીના સંબંધો શર્મસાર કરતો કિસ્સો સામે આવ્યો છે.

અહીં એક પિતાએ પોતાની ૧૧ વર્ષની માસૂમ પુત્રી સાથે દુષ્કર્મ આચર્યું છે. ઘટના બાદ માતાએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી, ત્યારબાદ પોલીસે દુષ્કર્મી પિતાની ધરપકડ કરી લીધી છે.

આ કિસ્સો દાવથ પોલીસ મથકના એક ગામનો છે. ઘટનાની જાણકારી બાદ પોલીસે છોકરીનો મેડિકલ ટેસ્ટ કરાવ્યો છે. પીડિતા પાંચમા ધોરણની વિદ્યાર્થીની છે. આરોપી પિતાને ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે. જોકે પોલીસે પૂછપરછમાં કહ્યું કે તેના વિરૂદ્ધ લગાવવામાં આવેલા આરોપ સંપૂર્ણપણે પાયાવિહોણા છે. આરોપીનો દાવો છે કે મેડિકલ રિપોર્ટ આવ્યા બાદ તે સંપૂર્ણપણે નિર્દોષ સાબિત થઈ જશે. પતિનો આરોપ છે કે તેની પુત્રીએ તેની પત્નીની ઉશ્કેરણીમાં આવીને આવું નિવેદન આપ્યું છે.

માતાના અનુસાર તેનો પતિ અવાર-નવાર તેની સાથે મારઝૂડ કરતો હતો. થોડા દિવસ પહેલાં જ તેની સાથે મારઝૂડ કરી પત્નીને ઘરની બહાર તગેડી મૂકી હતી. મહિલા ૧૧ વર્ષની પુત્રીને મૂકીને પોતાના પિયર જતી રહી હતી. આ દરમિયાન પિતાએ પોતાની પુત્રીની ઈજ્જત લૂંટી હતી. પીડિતાની માતાના નિવેદન અને લેખિત અરજીના આધારે પોસ્કો એક્ટ અંતગર્ત ધરપકડ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવશે.

પીડિતાની માતાએ જણાવ્યું કે તેનો પતિ પહેલાં પણ એકવાર દુષ્કર્મ આચરી ચૂક્યો છે, પરંતુ લોકો લાજની બીકે તેણે કોઈને કહ્યું ન હતું. હવે તેણે ફરીથી હેવાનિયત ગુજારી તો ફરિયાદ નોંધાવી. હવે રિપોર્ટ બાદ જ નક્કી થશે કે પત્નીનો આરોપ કેટલો સાચો છે, અથવા પછી છોકરીનો પિતા નિર્દોષ છે.

# માયાવતીએ પોતાના ભત્રીજાને તમામ પદો ઉપરથી હટાવ્યો

લખનૌ, તા.૨

બહુજન સમાજ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ માયાવતીએ તેમના ભત્રીજા આકાશ આનંદને રાષ્ટ્રીય સંયોજક પદ પરથી હટાવી દીધા છે. માયાવતીએ આનંદ કુમારને રાષ્ટ્રીય સંયોજક બનાવ્યા છે. માયાવતીએ રાજ્યસભા સાંસદ રામજી ગૌતમની જવાબદારી વધારી દીધી અને હવે તેઓ રાષ્ટ્રીય સંયોજક પણ બનશે.

તાજેતરમાં જ માયાવતીએ આકાશ આનંદના સસરા અશોક સિદ્ધાર્થને દૂર કર્યા હતા. બસપાના વડાએ એક બેઠક દરમિયાન પોતાના ઉત્તરાધિકાર અંગેની સ્થિતિ સ્પષ્ટ કરી અને કહ્યું કે મારા છેલ્લા શ્વાસ સુધી કોઈ ઉત્તરાધિકારી નહીં હોય.

માયાવતીએ એમ પણ કહ્યું છે કે હવે તેમના ભાઈ આનંદના બાળકો રાજકારણ સાથે સંકળાયેલા પરિવારમાં લગ્ન નહીં કરે. બસપા દ્વારા જારી કરાયેલી એક પ્રેસ રિલીઝમાં માયાવતીને ટાંકીને કહેવામાં આવ્યું છે કે; "માત્ર આ જ નહીં, પરંતુ મેં પોતે પણ હવે નક્કી કર્યું છે કે જ્યાં સુધી હું જીવિત છું અથવા મારા છેલ્લા શ્વાસ સુધી, પાર્ટીમાં મારો કોઈ ઉત્તરાધિકારી નહીં હોય." આ નિર્ણયનું પાર્ટીના લોકોએ હૃદયપૂર્વક સ્વાગત કર્યું.

પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું હતું કે બસપા વડાએ આજે ફરી એકવાર પોતાના નિવેદનનું પુનરાવર્તન કર્યું છે કે મારા માટે પાર્ટી અને આંદોલન પહેલા આવે છે. ભાઈઓ, બહેનો, તેમના બાળકો અને અન્ય સગાંઓ વગેરે બધા પછી આવે છે. આ સંદર્ભમાં, તેમણે પાર્ટીના લોકોને ખાતરી પણ આપી છે કે જ્યાં સુધી હું જીવિત છું, ત્યાં સુધી હું મારા છેલ્લા શ્વાસ સુધી મારી સંપૂર્ણ પ્રામાણિકતા અને સમર્પણ સાથે પાર્ટીને આગળ વધારવા માટે શક્ય તમામ પ્રયાસો કરીશ.

ગયા વર્ષે મે મહિનામાં માયાવતીએ તેમના ભત્રીજા આકાશ આનંદને બહુજન સમાજ પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને તેમના અનુગામી પદ પરથી દૂર કર્યા હતા. ડિસેમ્બર ૨૦૨૩ માં, બસપા સુપ્રીમોએ તેમને તેમના ઉત્તરાધિકારી તરીકે જાહેર કર્યા હતા. લોકસભા ચૂંટણી વચ્ચે મંગળવારે માયાવતીએ પોતાનો નિર્ણય પાછો ખેંચી લીધો. તેમણે કહ્યું કે આકાશ આનંદને સંપૂર્ણ પરિપક્વતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી બંને મહત્વપૂર્ણ જવાબદારીઓથી દૂર રાખવામાં આવશે.

### ભાજપ નેતાનું વિવાદિત નિવેદન, કોંગ્રેસ ભડકી

# લોકોને સરકારથી ભીખ માંગવાની ટેવ પડી ગઈ છે



રાજગઢ, તા.૨

મધ્ય પ્રદેશના પંચાયત અને ગ્રામીણ વિકાસ મંત્રી પ્રહલાદ પટેલે રાજગઢમાં એક સભા દરમિયાન સરકાર પાસેથી મદદ માંગવાની લોકોની આદત પર સવાલ ઊઠાવ્યા છે. શનિવારે (પહેલી માર્ચ) સુઠાલિયામાં રાણી અવંતિ બાઈ લોધીની પ્રતિમાનું અનાવરણ કરતી વખતે તેમણે કહ્યું કે, લોકો સરકાર પાસેથી ભીખ માંગવા ટેવાયેલા થઈ ગયા છે. લોકો નેતાઓને માળા પહેરાવે છે અને તેમની માંગણીઓ ધરાવતો પત્ર આપે છે. હવે આના પર વિપક્ષી પાર્ટી કોંગ્રેસ હવે આક્રમક બની ગઈ છે.

રાજગઢમાં રાણી અવંતિબાઈ લોધીની પ્રતિમાના અનાવરણ પ્રસંગે પ્રહલાદ પટેલે લોકોને સંબોધિત કર્યા. તેમણે સરકાર પાસેથી વધુ પડતી મદદની અપેક્ષા રાખતા લોકો પર ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે, લોકો નેતાઓને મળવા જાય છે, તેમને માળા પહેરાવે છે અને તેમને એક પત્ર આપે છે જેમાં તેમની માંગણીઓ લખેલી હોય છે. આ સારી આદત નથી.

મંત્રી પ્રહલાદ પટેલે જાહેર સભામાં જણાવ્યું મફત વસ્તુઓ પ્રત્યેનું આકર્ષણ એ બહાદુર મહિલાઓ માટે આદર નથી. સમાજ ફક્ત મૂર્તિઓ સ્થાપિત કરવાથી બદલાતો નથી, પરંતુ મહાપુરુષોના આદર્શોને અનુસરવાથી પરિવર્તન આવે છે. આ કાર્યક્રમમાં ઘણાં અન્ય નેતાઓ અને જનપ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા. મધ્ય પ્રદેશ કોંગ્રેસના વડા જીતુ પટવારીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું, ભાજપનો ઘમંડ હવે જનતાને ભિખારી કહી રહ્યો છે. આ દુઃખમાં ડૂબેલા લોકોની આશાઓ અને આંસુઓનું અપમાન છે. તે ચૂંટણી દરમિયાન ખોટા વચનો આપે છે અને પછી પાછા ફરે છે. જ્યારે જનતા તેમને તેમના વચનોની યાદ અપાવે છે, ત્યારે તેઓ તેમને ભિખારી કહેવામાં અચકાતા નથી. યાદ રાખો કે થોડા સમય પછી, ભાજપના આવા ચહેરાઓ તમારા ઘરઆંગણે મત માંગવા આવશે.

# તેલંગાણા ટનલ દુર્ઘટના: ૭ દિવસે ચાર શ્રમિકોનું લોકેશન મળ્યું

હૈદરાબાદ, તા.૨

તેલંગાણામાં એક અઠવાડિયા પહેલા ધરાશાયી થયેલી એસએલબીસી ટનલમાં હજી બચાવ કામગીરી ચાલુ છે. જેમાં એક અઠવાડિયા બાદ અંદર ફસાયેલા આઠ લોકોમાંથી ચાર લોકોના લોકેશન જાણવામાં સફળતા મળી છે. ખૂબ જ કાદવ-કીચડ તેમજ કાટમાળના કારણે બચાવ ટીમ ફસાયેલા લોકો સુધી પહોંચવામાં નિષ્ફળ રહી છે. તેણે અનેક મણ કાટમાળ-કીચડ બહાર કાઢ્યો છે.

ટનલના બાંધકામમાં નુકસાનગ્રસ્ત કન્વેયર બેલ્ટ સોમવાર સુધીમાં રિપેર થઈ જવાની શક્યતા છે. ત્યારબાદ બચાવ ટીમ વધુ ઝડપથી અને સરળતાથી કાટમાળ હટાવી શકશે.

રાજ્યના આબકારી મંત્રી જુપલ્લી કૃષ્ણરાવે ગઈકાલે માહિતી આપી હતી કે, 'ટનલની અંદર ફસાયેલા આઠ લોકોમાંથી ચાર લોકોના લોકેશન મળી ગયા છે. બચાવ ટીમ તુરંત તે દિશામાં આગળ વધી રહી છે. જો કે, ટનલમાં ફસાયેલા લોકોની બચવાની અપેક્ષા ખૂબ ઓછી છે. તેમ છતાં અમે છેક સુધી પ્રયાસ કરતા રહીશું. મેં સિંચાઈ મંત્રી એન. ઉત્તમકુમાર રેડ્ડી સાથે મળી બચાવ અભિયાનમાં સામેલ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. છેલ્લા કેટલાક દિવસોથી બચાવ કામગીરીમાં પ્રગતિ જોવા મળી છે. રડાર મારફત ચાર લોકોના લોકેશન મળી આવ્યા છે. જ્યાં ટીમ હાથથી કાદવ બહાર કાઢી રહી છે. આજે સાંજ સુધીમાં તેમને બહાર કાઢવામાં આવશે.'

નેશનલ જિઓફિઝિકલ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટના વૈજ્ઞાનિકોએ ગ્રાઉન્ડ પેનેટ્રેટીંગ રડારની મદદથી મહત્ત્વપૂર્ણ લોકેશન મેળવ્યું છે. અન્ય ચાર લોકો પણ ટનલ બોરિંગ મશીનની નીચે ફસાયેલા હોવાનો અંદાજ છે. કૃષ્ણરાવે જણાવ્યું હતું કે, ૪૫૦ ફૂટ ઊંચી ટીબીએમને કાપી રહ્યા છે. આ અભિયાનમાં ૧૧ એજન્સીઓના કર્મી સામેલ છે. અભિયાનમાં વિલંબ થતાં વિપક્ષ ટીકાઓ કરી રહ્યું છે. પરંતુ આ પ્રયાસમાં નિષ્ણાતોને સામેલ કરવામાં આવ્યા છે. અંદર ખૂબ જ કાદવ હોવાથી બચાવ કામગીરી જટિલ બની છે.

તેલંગાણામાં બની રહેલી શ્રીશૈલમ લેફ્ટ બેંક કેનાલ (એસએલબીસી) ટનલની છત ૨૨ ફેબ્રુઆરીએ ધરાશાયી થઈ હતી. જેની નીચે આઠ લોકો ફસાયા હતા. ટનલ ધરાશાયી થઈ ત્યારે ૫૦ લોકો અંદર કામ કરી રહ્યા હતાં. પરંતુ ધરાશાયી થતાં જ ૪૨ લોકો બહાર નીકળી જવામાં સફળ રહ્યા હતા. જ્યારે આઠ લોકો અંદર ફસાયા હતાં.

### લુખ્ખા તત્વોએ બોડીગાર્ડ્સને પણ ધમકાવ્યા

# મહારાષ્ટ્રમાં કેન્દ્રીય મંત્રીની પુત્રી સહિત વિદ્યાર્થિનીઓની છેડતી

જલગાંવ, તા.૨

મહારાષ્ટ્રના જલગાંવ સ્થિત મુક્તાઈનગરના કોથલી ગામમાં સંત મુક્તાઈ યાત્રા દરમિયાન અમુક અસમાજિક તત્વોએ કેન્દ્રીય મંત્રીની પુત્રી સહિત અન્ય વિદ્યાર્થિનીઓની છેડતી કરી હતી. કેન્દ્રીય મંત્રીની પુત્રીની પણ છેડતી થતાં વિસ્તારમાં ખળભળાટ મચ્યો હતો. કેન્દ્રીય મંત્રીની પુત્રી સહિત અન્ય વિદ્યાર્થિનીઓની છેડતી થતાં મંત્રીના સુરક્ષા ગાર્ડે ફરિયાદ નોંધાવી હતી. જેની ફરિયાદના આધારે મુક્તાઈ નગર પોલીસ સ્ટેશનમાં ચાર યુવકો વિરૂદ્ધ કેસ નોંધ્યો છે. મંત્રીએ પોલીસને આ યુવકોની તાત્કાલિક ધોરણે ધરપકડ કરવા આદેશ આપ્યો છે. તે સમયે તેમની પુત્રી સાથે જે સુરક્ષાકર્મી હતો, યુવકોએ તેનું કોલર પકડીને તેને પણ ધમકાવ્યો હતો. આ યુવકો ગુનાખોર તત્વો હોવાનું જાણવા મળ્યું છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ આ મામલે દખલગીરી કરી છે.

વિદ્યાર્થિનીઓની છેડતી કરનારા વિરૂદ્ધ તાત્કાલિક ધોરણે તપાસ હાથ ધરી ધરપકડ કરવાની માગ કરતાં કેન્દ્રીય મંત્રી પોલીસ સ્ટેશન પહોંચ્યા હતાં. પોલીસ સાથે વાતચીત કરી મીડિયાને જણાવ્યું હતું કે, તેમણે આ મામલાની જાણ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને પણ કરી છે. તેમણે પણ તાત્કાલિક ધોરણે કાર્યવાહી હાથ ધરવા નિર્દેશ આપ્યો છે.

### દક્ષિણ ભારતમાંથી કોઈને જવાબદારી સોંપી શકે છે

# ભાજપ પહેલી વાર મહિલા નેતાને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવે તેવી શક્યતા

નવી દિલ્હી, તા.૨

ભારતીય જનતા પાર્ટી ચાલુ મહિને નવા રાષ્ટ્રીય અધ્યક્ષ માટેની જાહેરાત કરી શકે તેવી માહિતી છે. જો કે, આ નિર્ણય પાર્ટીના સંગઠનાત્મક ચૂંટણી પછી લેવામાં આવશે. પક્ષના સુત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે, પાર્ટીના નવા અધ્યક્ષની ચૂંટણી આંતરિક સહમતિથી કરવામાં આવશે. તેમજ ભાજપના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ મહિલાને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવે તેની શક્યતા છે. આ ઉપરાંત એવી પણ ચર્ચા છે કે, આ કામ માટે ભાજપ દક્ષિણ ભારતમાંથી કોઈને જવાબદારી સોપી શકે છે.સુત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે જો કોઈ મહિલાને રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે તો તેમાં સૌથી પહેલા મહિલા મોર્ચાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કોઈમ્બતુરના ધારાસભ્ય વનથી શ્રીનિવાસન અથવા આંધ્ર પ્રદેશ ભાજપ અધ્યક્ષ દગ્ગુબાતી પુરંદેશ્વરી આ પદ માટે સંભવિત ઉમેદવાર માની શકાય છે. ૬૬ વર્ષીય પુરંદેશ્વરી ૨૦૧૪માં કોંગ્રેસ છોડીને ભાજપમાં સામેલ થયા હતા અને સંગઠનાત્મક મામલામાં તેમનો મહત્ત્વપૂર્ણ અનુભવ રહ્યો છે. માહિતી પ્રમાણે પુરંદેશ્વરીને દક્ષિણ ભારતના સુષ્મા સ્વરાજ તરીકે ઓળખવામાં આવે છે, તેમના શાનદાર ભાષણની ક્ષમતા અને પાંચ ભાષામાં પ્રવીણતાને કારણે તેમને ભાજપ સમર્થકોમાં સ્વીકૃતિ મળી છે. વનથી શ્રીનિવાસન પાર્ટીના રણનીતિકાર અને ગૃહમંત્રી અમિત શાહ દ્વારા આયોજિત કાર્યક્રમમાં સામેલ થતા જોવામાં મળ્યા છે. આ ઉપરાંત એક સીનિયર નેતાના જણાવ્યા પ્રમાણે તેઓ પોતાના મોર્ચા હેઠળ કેટલાક સફળ કાર્યક્રમ આયોજિત કરવા માટે જાણીતા છે.

તેમજ વડાપ્રધાન મોદી તથા અમિત શાહના એક વિશ્વાસુ વ્યક્તિ માનવામાં આવે છે. આ સાથે ભાજપના સ્મૃતિ ઈરાનીનું નામ પણ રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચર્ચામાં છે.

તમિલનાડુના ૫૫ વર્ષીય વનથી શ્રીનિવાસન કોઈમ્બતુરના ધારાસભ્ય ઉપરાંત ભાજપ મહિલા મોર્ચાના રાષ્ટ્રીય અધ્યક્ષ પણ છે. તેઓની પાર્ટીના સંગઠનમાં મજબૂત પકડ ધરાવે છે અને તમિલનાડુમાં કેટલાક મહિલા સશક્તિકરણ અને સામાજિક સુધાર અભિયાનનું નેતૃત્ત્વ પણ કર્યું છે. હકીકતમાં દક્ષિણ ભારતમાં ભાજપ પોતાની પકડ મજબૂત બનાવવા માટે સતત પ્રયાસ કરી રહ્યું છે. ૨૦૨૪ લોકસભા ચૂંટણીમાં પાર્ટીએ અહીં કેટલીક બેઠક વધારી છે, પરંતુ તમિલનાડુ, કેરળ અને આંધ્ર પ્રદેશમાં હજુ પણ ભાજપે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. તેથી જો ભાજપ દક્ષિણ ભારતમાં કોઈ મહિલાને અધ્યક્ષ બનાવે છે તો આ મોટો રાજકીય મેસેજ હશે.વર્ષ ૧૯૮૦માં ભાજપની સ્થાપના થઈ હતી, પરંતુ અત્યાર સુધીમાં પાર્ટીએ કોઈ મહિલાને રાષ્ટ્રીય અધ્યક્ષ આપ્યા નથી. તેથી જો આ વખતે ભાજપ નેતૃત્ત્વ મહિલાને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવે છે, તો આ એક ઐતિહાસિક નિર્ણય કહેવાશે. સુત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે, ભાજપના નવા અધ્યક્ષની પસંદગી ૫૦-૭૦ વર્ષની વચ્ચે થશે. જેથી હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર રેસમાંથી બહાર થઈ શકે છે.

### ડી.કે.શિવકુમારનું નિવેદન

# હું હિન્દુના રૂપમાં જન્મ્યો હતો અને હિન્દુના રૂપમાં મરીશ

બેંગલુરુ, તા.૨

કર્ણાટકના ઉપમુખ્યમંત્રી ડી.કે. શિવકુમાર તાજેતરમાં જ તમિલનાડુ સ્થિત ઈશા યોગ સેન્ટરમાં મહાશિવરાત્રિ સમારોહમાં સામેલ થયા હતા જેને લઈને કોંગ્રેસ બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. કર્ણાતકના સહકારિતા મંત્રી કે.એન.રાજન્નાએ સવાલ ઉઠાવ્યો છે કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ટીકા કરનારાઓ સાથે શિવકુમાર મંચ કેવી રીતે શેર કરી શકે? રાજન્નાએ મીડિયાને કહ્યું કે સદગુરૂએ પોતે કહ્યું હતું કે તે રાહુલ ગાંધીને ઓળખતા નથી? શિવકુમાર મારા કરતાં સારી રીતે જાણે છે કે લોકસભામાં અમારા નેતા વિશે શું કહેવામાં આવે છે. હવે તેમને જ જવાબ આપવો જોઈએ કે આવા લોકો સાથે મંચ શેર કરવું કેટલું યોગ્ય છે. જોકે, પૂર્વ સાંસદ ડી.કે. સુરેશે પોતાના ભાઈ શિવકુમારનો બચાવ કર્યો અને કહ્યું કે તેમણે હંમેશા પાર્ટીને માહિતગાર કરીને આવા આયોજનોમાં ભાગ લીધો છે. સુરેશે પત્રકારોને કહ્યું કે જ્યારે પણ શિવકુમારે વડાપ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી, તેમણે પાર્ટી હાઈકમાન્ડને પહેલાં જ જાણકારી આપી. તેમણે ઈશા ફાઉન્ડેશનના મહાશિવરાત્રિના કાર્યક્રમમાં સામેલ થવાની સૂચના પણ પાર્ટીને આપી હતી. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે શિવકુમારની યાત્રા ગુપ્ત ન હતી. તેમણે જણાવ્યું કે સદગુરૂએ પોતે તેમણે કોઈમ્બતુરમાં આમંત્રિત કર્યા હાઅ અને તેમણે તેનો સ્વિકાર કર્યો હતો. શિવકુમાર, જે કર્ણાટક કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ પણ છે, બુધવારે કોઈમ્બતુરમાં ભવ્ય મહાશિવરાત્રિ સમારોહમાં સામેલ થયા, જ્યાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પણ હાજર હતા. પોતાના પ્રવાસનો બચાવ કરતાં શિવકુમારે પોતાની આસ્થાને લઈને સ્પષ્ટ કહ્યું કે હું હિન્દુના રૂપમાં જન્મ્યો હતો અને હિન્દુના રૂપમાં મરીશ ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે કહ્યું કે સદગુરૂ કર્ણાટકથી છે. તે કાવેરી જળ માટે લડી રહ્યા છે. તેમણે આવીને મને વ્યક્તિગત રીતે આમંત્રણ આપ્યું. તે કેટલાક મહાન કામ કરી રહ્યા છે. વિભિન્ન રાજકીય પક્ષોના ધાસભ્યો અને નેતા ત્યાં હતા એટલા માટે હું ત્યાં ગયો. આ મારી વ્યક્તિગત આસ્થા છે. તેમણે કહ્યું કે મારા મતવિસ્તારમાં, યીશુની લગભગ ૧૦૦ ફૂટ ઉંચી મૂર્તિ છે. ક્રાઈસ્ટનું નિર્માણ સ્થાનિક મતદાર વિસ્તારના લોકોએ કહ્યું હતું. ત્યારે ભાજપે મને યેસુકુમારા કહ્યું હતું...હું તમામ ધર્મો, તમામ જાતિઓમાં વિશ્વાસ ધરાવું છું. કોંગ્રેસ પાર્ટીની વિચારધારા સમાજમાં તમાને એકસાથ લઈને ચાલવાની છે, એટલા માટે કેટલાક લોકોને આ ગમે છે, જ્યારે કેટલાક લોકોને પસંદ નથી. રાજ્યના લોક નિર્માણ મંત્રી સતીશ જારકીહોલીએ કહ્યું કે આ વિવાદ રાષ્ટ્રીય સ્તરે પહોંચી ગયો છે અને પાર્ટી હાઈકમાન્ડ તેના પર ધ્યાન આપે. તેમણે કહ્યું કે હવે આ ફક્ત કર્ણાટક સુધી સીમિત નથી. આ દિલ્હીથી જોડાયેલા લોકોનો બની ગયો છે. અમને ખબર નથી કે સાચું શું છે અને ખોટું શું, પરંતુ દિલ્હીના નેતાઓએ તેના પર ધ્યાન આપવું જોઈએ.

# આગ્રા-જાગનેર રૂટ પર બુલેટ અને બાઈક વચ્ચે ટક્કરમાં ૫ ના મોત

આગ્રા,તા.૨

આગ્રા-જાગનેર રૂટ પર ગહરરાકલાન રોડ પર શનિવારે મોડી રાત્રે એક મોટો અકસ્માત થયો. બુલેટ અને બાઈક વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં પાંચ લોકોના મોત થયા. સૈયામાં રેલ્વે સ્ટેશન પાસે રહેતા ચાર લોકો ગર્મુખામાં એક લગ્ન સમારોહમાંથી પરત ફરી રહ્યા હતા. બુલેટ પર સવાર બે યુવાનોમાંથી એકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે બીજાની હાલત ગંભીર છે. પોલીસે મૃતદેહોને એસએન મેડિકલ કોલેજ મોકલી આપ્યા. મૃતકોના સંબંધીઓ મોડી રાત્રે એસએન ઈમરજન્સી પહોંચ્યા. મૃતકોમાં ચાર મજૂરોનો પણ સમાવેશ થાય છે.

એસએન મેડિકલ કોલેજમાં ચાર મૃતકોના પરિવારજનો શોકમાં ડૂબેલા જોઈને લોકોની આંખો ભીની થઈ ગઈ. ભગવાનદાસની પત્નીએ બંગડીઓ તોડી નાખી. તે રડી રહી હતી અને કહી રહી હતી કે તે ગઈકાલે જ બંગડીઓ લાવી હતી. વકીલની પત્ની લલિતાનું રડવું પણ હૃદયદ્રાવક હતું.

ગામલોકોએ જણાવ્યું કે ચારેય કાકાના દીકરા છે. તે ખૂબ જ ગરીબ પરિવારનો હતો. પોલીસે જણાવ્યું કે ભગવાન દાસ (૩૫), વકીલ (૩૦), રામસ્વરૂપ (૨૮) અને સોનુ (૨૫), બધા સૈયાના રહેવાસીઓ, શનિવારે સાંજે એક સંબંધીની ભાભીના લગ્નમાં હાજરી આપવા માટે બાઈક પર ગર્મુખા ગયા હતા. કાગરોલના ગહરરાકલાનના રહેવાસી કરણ અને કન્હૈયા બુલેટ પર કાગરોલ જઈ રહ્યા હતા. રાત્રે લગભગ ૧૦:૩૦ વાગ્યે જગનેર રોડ પર ગહરકલાન પ્યાઉ નજીક બે બાઈક વચ્ચે જોરદાર સામસામે ટક્કર થઈ હતી. ઘાયલોને પીડાથી કણસતા જોઈને, પસાર થતા લોકોએ પોલીસને ઘટનાની જાણ કરી.

આના પર સૈયા અને કાગરોલ પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો. એસીપી દેવેશ કુમારે જણાવ્યું હતું કે પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ઘાયલ કન્હૈયાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. તે ઈન્ટરમીડિયેટનો વિદ્યાર્થી છે. મૃતક બાઈક સવાર ફેરિયા વેચવાનું કામ કરતો હતો. તેમના પરિવારના સભ્યો મોડી રાત્રે એસએન ઈમરજન્સી પહોંચ્યા. કટોકટી વિશે બૂમો અને ચીસો પડી રહી હતી. તણાવ જોઈને પોલીસ ફોર્સ આવી પહોંચી.મૃતકોમાં ભગવાન દાસની પત્ની લલિતા અને બે બાળકોનો સમાવેશ થાય છે. રામસ્વરૂપની પત્નીનું નામ સ્વાતિ છે. તેમને ત્રણ બાળકો છે. સોનુની માતા અને વકીલની પત્ની કુસુમ પણ એસએન ઈમરજન્સી પહોંચી. પરિવારના સભ્યોએ જણાવ્યું કે ચારેય લોકો હોકિંગનો વ્યવસાય કરીને ગુજરાન ચલાવતા હતા. મૃતદેહો જોઈને પત્નીઓ હોશ ઉડી ગઈ. તેમની સાથે આવેલા ગ્રામજનોએ માંગ કરી કે અકસ્માતનું કારણ બનેલી ગોળી આગળ લાવવામાં આવે. ગામલોકોએ જણાવ્યું કે ચારેય મૃતકોને નાના બાળકો છે. ભાડાના મકાનોમાં રહે છે. તેમણે પરિવારજનોને ૧૦ લાખ રૂપિયાના વળતરની માંગ કરી. મોડી રાત સુધી જીદ્દ ઈમરજન્સીમાં અંધાધૂંધી ચાલી રહી હતી. ખૂબ બૂમો અને ચીસો પડી રહી હતી.

# રાજકોટ: દરેક ગામમાં એક તળાવનો જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ઠરાવ કરવા પૂર્વ પ્રમુખ ભુપત બોદરની માંગ

## પાણીની બાબતમાં આત્મનિર્ભર બને તે માટે પ્રયાસો, રૂા.૧૫૦ કરોડ જેટલી ગ્રાન્ટ મંજૂર કરવા માંગ

રાજકોટ તા.૨:

જિલ્લાના સર્વાંગી વિકાસ માટે રાજકોટ જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ ભુપતભાઈ બોદર દ્વારા રાજકોટ જિલ્લા પંચાયત ના નવનિયુક્ત ડીડીઓ અનંદુ સુરેશ ગોવિંદ સાથે શુભેચ્છા મુલાકાત કરી આગામી સામાન્ય સભા માં ધ્યાને લેવા જેવી ગ્રામ્ય જનતા ને લગત મહત્વ ની બાબતો અંગે યોગ્ય કરવા રજૂઆત કરી.

ભુપતભાઈ બોદરે પોતાના પ્રમુખ તરીકે ના કાર્યકાળ દરમ્યાન મારું ગામ પાણી વાળું ગામયોજના અમલમાં મૂકેલી જે અંતર્ગત રાજકોટ જિલ્લા નું દરેક ગામ પાણી ની બાબત માં આત્મનિર્ભર બને તે માટે પ્રયાસો કરેલ જે અંતર્ગત આજરોજ રાજકોટ જિલ્લામાં અંદાજે ૬૦૦ જેવા ગામોને ઘણાખરા અંશે ઉનાળા દરમિયાન પીવાના પાણી તથા ખેતી માટે સિંચાઈના પાણી ની અછત રહે છે.આ તમામ ગામોમા ગામ દીઠ એક તળાવ બનાવવા માટે અને હાલ સૌની યોજનાઓ ની વિવિધ લીંકો દ્વારા આ નવનિર્મિત તળાવો ને ભરવા ની પણ મોટાભાગ ના વિસ્તારો માં વ્યવસ્થા પણ છે ત્યારે એક તળાવ માટે રકમ રૂ.૨૫ લાખ લેખે સરકારમા અંદાજે કુલ રકમ રૂ. ૧૫૦ કરોડ જેટલી ગ્રાન્ટની માંગણી કરતો ઠરાવ સામાન્ય સભામા કરવા તેમજ આ તમામ જિલ્લા ના ગ્રામ્ય વિસ્તારોમાં કોઇક જગ્યાએ ગૌચર કે કોઈક જગ્યાએ સરકારી ખરાબા ની અથવા ગામતળ પર નાના મોટા દબાણો થયેલ હોય છે જેના લીધે ઘણી વાર સ્થાનિક લેવલે પ્રશ્નો ઉપસ્થિત થાય છે જેને પરિણામે ગ્રામ્ય વિસ્તારમા લોકો વચ્ચે નાના મોટુ ઘર્ષણ થાય છે.જેથી તમામ ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટી કમ મંત્રી દ્વારા આનો નિષ્પક્ષ સર્વે કરી માહીતી આપવાનો ઠરાવ આગામી સામાન્ય સભામાં કરવા અંગે રજૂઆત કરી અત્રે નોંધનીય છે કે ભુપતભાઈ બોદરે પોતાના કાર્યકાળ દરમ્યાન જે ગ્રામપંચાયત ના સરપંચ અને તલાટી દ્વારા ખરાબા અને ગામતળ ની માપણી કરી આપવા માંગણી કરવામાં આવે તો ડીએલઆર કચેરી તરફથી ફી માં માપણી કરી આપવા માટે કલેકટર સમક્ષ રજૂઆત કરી અને આ અંગે મંજૂરી પણ મેળવેલ હતી. વધુમાં રજૂઆત કરતા જણાવેલ કે હવેના સમયમા ઉનાળા ની શરૂઆત થઈ ગયેલ હોય ગ્રામ્ય વિસ્તાર ના પશુ અને પક્ષિઓ માટે દરેક ગ્રામ પંચાયત પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા કરે તે માટે દરેક ગ્રામ પંચાયત ને સુચના આપવાનો ઠરાવ આગામી સામાન્ય સભામા કરવા માટે તેમજ રાજકોટ જિલ્લા પંચાયતના નવા ભવનનુ નિર્માણ કામ હાલ શરૂ હોય આ વિસ્તાર ડો.યાજ્ઞિક રોડ જેવા પોશ અને કોમર્શિયલ વિસ્તાર માં હોય આ રોડ પર જિલ્લા પંચાયત હસ્તક દુકાનો બનાવવા માટે આયોજન અને જોગવાઈ કરવી જેથી આ ભાડાની સ્વભંડોળ માં આવક થાય જિલ્લા પંચાયત માટે માટે કાયમી આવકનો સ્ત્રોત બની શકે અને આ સ્વભંડોળ ની આવક થકી રાજકોટ જિલ્લાના વિવિધ વિકાસના કામો વધુ ઝડપથી હાથ ધરી શકાય જે અંગે આગામી સામાન્ય સભામાં ઠરાવ કરવા અંગે રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભુપતભાઈ બોદરે રજૂઆત લેખિત માં ડીડીઓ સમક્ષ આ મુલાકાત દરમ્યાન કરી હતી

# કેનેડાથી કરૂણાની ગંગા અનાથ બાળકોનાં ''આંગન'' સુધી પહોંચી



ટોરોંટો તા.૨:

કેનેડાનાં ટોરોંટોમાં આવેલા શ્રી સ્વામિનારાયણ મંદિર તરફથી અમદાવાદના નરનારાયણદેવ મંદિરમાં પૂજ્ય ગાદીવાળાનાં માર્ગદર્શનમાં ચાલતા અનાથાશ્રમ ''આંગન'' માટે જગદીશ ત્રિવેદીનાં હાસ્યકાર્યક્રમનું આયોજન થયું હતું. બ્રેમ્પટન ખાતે આવેલાં ભવાનીશંકર મંદિરના વિશાળ સભાગૃહમાં આશરે બસો જેટલાં સત્સંગીઓની હાજરીમાં યોજાયેલા કાર્યક્રમમાં આશરે ૭૦૦૦+ કેનેડીયન ડોલર એટલે આશરે સવા ચાર લાખ રૂપિયા જેવી રકમ એકત્ર કરવામાં આવી હતી. જે અમદાવાદની અનાથ બાળકોની ''આંગન'' સંસ્થાને અર્પણ કરવામાં આવશે.જેમાં સંસ્થાના પ્રમુખ રાકેશભાઈ ચૌધરીના ૧૦૦૦ ડોલર , જગદીશ ત્રિવેદીના ૭૦૦ ડોલર , દાનવીર રમણભાઈ ચૌધરીના ૫૦૦ ડોલર , ભારતમાતા મંદિરના પ્રણેતા અને પીપલ્સ પાર્ટી ઓફ કેનેડાના ઉમેદવાર જેફ લાલના ૫૦૦ ડોલર મુખ્ય હતા. પ્રમુખ રાકેશભાઈ ચૌધરી, કમિટી મેમ્બર જયેશભાઈ વસાણી તેમજ મંદિરની સમગ્ર ટીમે ખૂબજ જહેમત ઉઠાવી અને સુંદર આયોજન કરેલ હતું. છેલ્લે સૌ પાંઊભાજી, પુલાવ અને છાસનો પ્રસાદ લઈ છુટ્ટા પડ્યા હતા.

### ચાલુ બસે માવો બનાવવો ભારે પડ્યો

# રાજકોટમાં બીઆરટીએસના ડ્રાઈવરનો મુસાફરોના જીવને જોખમમાં મૂકતો વીડિયો વાઈરલ થતા સસ્પેન્ડ કરાયો

રાજકોટ તા.૨:

રાજકોટની સિટિબસ સેવા ફરી એકવાર વિવાદમાં આવી છે. જેમાં બીઆરટીએસ રૂટ પર ચાલુબસે ડ્રાઇવરે માવો ચોળી અનેક મુસાફરોનાં જીવ જોખમમાં મુક્યા હોવાનો વિડીયો સામે આવ્યો છે. સિટિબસો દ્વારા અવારનવાર અકસ્માત સર્જાતા હોવાની ઘટના બાદ ડ્રાઇવરની અતિ ગંભીર બેદરકારીનો આ વીડિયો જાગૃત નાગરિક દ્વારા સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવતા તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉઠ્યા છે. જોકે વિડીયો વાયરલ થયા બાદ ડ્રાઇવરને તાત્કાલિક સસ્પેન્ડ કરાયો હોવાનું મનપાનાં સત્તાધીશોએ જણાવ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટમાં સીટીબસના ડ્રાઇવરોએ હદ વટાવી હોય તેમ મુસાફરો ભરેલી ચાલુ સીટી બસમાં માવો ઘસતા હોવાનો એક વિડીયો ભારે વાયરલ થયો છે. વિડીયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, સીટીબસનો ડ્રાઈવર જ્યારે બસ ઉભી હોય ત્યારે માવો કાઢે છે. અને બાદમાં બસને રસ્તા પર હંકારે છે પરંતુ તેમ છતા માવો ઘસવાનું ચાલુ જ રાખે છે. એટલુ જ નહીં પરંતુ ચાલુ બસ કે જેમાં નિર્દોષ મુસાફરો બેઠા છે તેમાં ડ્રાઇવર માવો ઘસવાનું સ્ટેન્ડ સ્ટિયરીંગ પર રાખી ફાકી ચોળતો નજરે પડી રહ્યો છે.



સમગ્ર મામલે રાજકોટ મનપામાં સિટિબસનો હવાલો સંભાળતાં સિટી એન્જીનીયર પરેશ અઢીયાએ જણાવ્યું હતું કે, આજે જ આ વીડિયો મારા ધ્યાનમાં આવ્યો છે. આ ખરેખર ખૂબ ગંભીર બાબત છે. કોઈપણ કર્મચારી મુસાફરોના જીવ જોખમમાં મૂકીને આવા કૃત્યો કરે તે ચલાવી શકાય નહીં. આ ડ્રાઇવર E૨૫ નંબરની BRTS બસ લઈને માધાપર ચોકડીથી ગોંડલ ચોકડી તરફ જઈ રહ્યો હતો ત્યારે અયોધ્યા ચોક નજીક તેણે આ કૃત્ય કર્યું હોવાનું સામે આવ્યું છે. જેને લઈને મોરી ઈન્દ્રજીતસિંહ અજીતસિંહ નામના આ ડ્રાઇવરને નવો આદેશ ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે. તેમજ અન્ય ડ્રાઈવરોને પણ આવી કોઈ હરકત નહીં કરવાની તાકીદ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ બજરંગવાડી નજીક સિટિબસનાં ચાલકે ગંભીર અકસ્માત સર્જ્યો હોવાના સીસીટીવી પણ સામે આવ્યા હતા. જેમાં પુરપાટ ઝડપે જતી સિટિબસે ટુ વહીલર ચાલક મહિલાને હડફેટે લેતા તેણીને ગંભીર ઇજા થઇ હતી. ત્યારે હવે બીઆરટીએસ રૂટમાં સિટિબસ ચલાવતા ડ્રાઇવરે અનેક મુસાફરોના જીવ જોખમમાં મૂકી માવો ઘસ્યો હોવાનો વિડીયો સામે આવ્યો છે. ત્યારે ડ્રાઈવરોની આવી બેદરકારીથી બસની અંદર મુસાફરી કરતા લોકો ઉપરાંત અન્ય વાહન ચાલકો પણ સુરક્ષિત નથી તેવું લાગી રહ્યું છે. અને ડ્રાઈવરોની ભરતી મામલે કોઇ ચોક્કસ પોલીસી અને કડક નિયમો નક્કી કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

# રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા ''વિશ્વ શ્રવણ દિવસ''ની ઉજવણી કરાશે

રાજકોટ તા.૨:

દર વર્ષે ૩ માર્ચ- વિશ્વ શ્રવણ દિવસ તરીકે વિશ્વ ભરમાં ઉજવવામાં આવે છે. જેનો હેતુ બહેરાશ અને સાંભળવાની ખોટની સમસ્યા વિશે જાગૃત્તિ લાવવા તેમજ કાન અને સાંભળવાની સમસ્યાનું નિરાકરણ માટેનો હોય છે.

જે અન્વયે રાજકોટ જિલ્લામાં પણ ૩જી માર્ચે ''વિશ્વ શ્રવણ દિવસ''ની ઉજવણી કરાશે. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, વોકાથોન, રેલીઓ, વગેરે કાર્યક્રમ યોજાય છે જેમાં સ્થાનિક અગ્રણી અને પ્રભાવશાળી વ્યક્તિઓ જોડાઈને આ કાર્યક્રમ વિશે જનજાગૃત્તિ લાવી શ્રવણ મૂલ્યાંકન ઝુંબેશમાં સામેલ થશે. નાટકો, ઓડિયો-વિઝ્યુઅલ દ્વારા લોકોમાં માહિતી પ્રસારિત કરવામાં આવશે. શાળાઓ કોલેજો અને યુનિવર્સિટીઓમાં હેડફોનના સુરક્ષિત ઉપયોગ અંગે જાગૃતિ કેળવવામાં આવશે. અવાજનું પ્રદૂષણ ફેલાવતી સંસ્થાને અલગ તારવી તેની નિયમિત તપાસ કરી ઝુંબેશ ચલાવી અવાજનું પ્રદૂષણ ઘટે તેવા પ્રયત્નો કરાશે.

તમામ તાલુકાઓ, પ્રાથમિક આરોગ્ય કેંદ્રો, અર્બન આરોગ્ય કેંદ્રો તેમજ આયુષ્માન આરોગ્ય મંદીરો દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી આ અંગેનો પ્રચાર-પ્રસાર કરવામાં આવશે. ''રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ'' અંતર્ગત પ્રાથમિક શાળાઓના બાળકોની કાનની તપાસ માટેના આરોગ્ય કેમ્પ કરવામાં આવશે.જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોષી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદ તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.આર.આર. ફુલમાલીના માર્ગદશન હેઠળ આ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કાર્યક્રમમાં જોડાવા તેમજ સહકાર આપવા જાહેર જનતાને રાજકોટ જીલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ગુજરાતમાં ગરમીનું પ્રમાણ વધ્યું, દિવસે શેકાઈ જવાય તેવું તાપમાન

અમદાવાદ,તા.૨

ગુજરાતમાં આ સમયે ગરમી વધી રહી છે, શિયાળો હવે વિદાય તરફ આગળ વધી રહ્યો છે. હવામાન વિભાગે શિયાળાની વિદાયના સંકેત આપ્યા છે. આગામી ૭ દિવસ સુધી રાજ્યમાં વાતાવરણ સૂકું રહેવાની સંભાવના છે. રાજ્યના મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે. વેસ્ટ રાજસ્થાનમાં લો પ્રેશર સક્રિય થતાં ગરમીનું પ્રમાણ વધશે આઈએમડીની આગાહી મુજબ, માર્ચનો બીજો સપ્તાહ તીવ્ર ગરમીની શરૂઆત માટે જવાબદાર રહેશે.

ખાસ કરીને અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને કચ્છના વિસ્તારોમાં તાપમાન ૪૧ ડિગ્રીથી ૪૨ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. રાત્રિ દરમિયાન પણ ગરમીનું મોજું ચાલુ રહેશે કારણ કે લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા વધારે રહેશે. હવામાન વિભાગે આગાહી કરી છે કે ખાસ કરીને ઉત્તર મધ્ય અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં તાપમાન ઊંચું રહેશે અને ઉત્તર સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ગરમીના મોજાની અસરને કારણે તીવ્ર ગરમીનો અનુભવ થઈ શકે છે.

૭ માર્ચ પછી, મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૩ થી ૫ ડિગ્રી સેલ્સિયસ અલગ હોઈ શકે છે. ગુજરાતના રહેવાસીઓને આગામી દિવસોમાં ગરમીની તીવ્ર અસર માટે તૈયાર રહેવા વિનંતી કરવામાં આવી છે. ૨૦૨૫નો ઉનાળો તાજેતરના વર્ષોમાં સૌથી ગરમ સાબિત થવાની સંભાવના છે, જેના માટે મ્યુનિસિપલ તંત્ર દ્વારા ભયની ચેતવણીઓ સાથે ચેતવણીઓ પણ જારી કરવામાં આવી છે. સાવચેતીના પગલા તરીકે, ૫૦ કિમીના આંતરિક વિસ્તારમાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં ગુજરાતમાં ઉત્તર-પૂર્વ અને પૂર્વ દિશાઓથી પવન ફૂંકાઈ રહ્યા છે. જમીનની સપાટી પરથી આવતા આ પવનો સામાન્ય રીતે ગરમ હોય છે, જેના કારણે રાજ્યમાં બફારાનું પ્રમાણ ધીમે ધીમે વધી રહ્યું છે અને આગામી બે દિવસમાં તાપમાન ૩૮ ડિગ્રી સુધી પહોંચી શકે છે તેવો અંદાજ છે. આગામી ૨૪ કલાક સુધી તાપમાન સમાન રહેશે. ત્યારબાદ, બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપમાન વધવાની શક્યતા છે.

# રાજકોટ: વ્યાજખોરોના ત્રાસથી યુવાને કરેલા આપઘાત પ્રકરણમાં આરોપી જામીન મુક્ત

## ઝેર પી જીવન ટૂંકાવી લેનાર યુવક પાસેથી મળેલી સ્યુસાઇડ નોટના આધારે ૧૦ વિરુદ્ધ ગુનો નોંધાયો'તો

રાજકોટ, તા.૨

રાજકોટ શહેરમાં રહેતા અલ્પેશભાઈ કાનજીભાઈ સાકરીયા નામના યુવાને રેસકોસના બગીચામાં આવેલા શૌચાલય પાસે ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું હતું આ બનાવમાં મૃતક અલ્પેશભાઈના ભાઈ અરૂણભાઇ સાકરીયાએ સુસાઇડ નોટના આધારે જામનગર રોડ પર રહેતા સિદ્ધરાજસિંહ કિશોરસિંહ જાડેજા અને ભીખુભાઈ શાર્દુલભાઈ બાલાસરા, પંકજભાઈ ધોકીયા, યોગેશભાઈ પંડયા, પ્રવીણભાઈ પરમાર, જીગ્નેશભાઈ જીલ્કા, તાહેરભાઈ રાજ, અનિરૂધ્ધસિંહ રજપુત અને વિપુલભાઈ ૧૦ લોકો પાસેથી અલગ અલગ ટકાવારીએ રકમ વ્યાજે લીધેલ છે અને જેઓને વ્યાજ સહીત મુડી ચુકવી દીધેલ હોવા છતા હેરાન પરેશાન કરતા પગલું ભરી લીધાની પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે આરોપી પ્રવીણભાઈ ખીમજીભાઈ પરમારની ધરપકડ કરી હતી. જેલ હવાલે રહેલા આરોપી પ્રવીણ પરમારે પોતાના વકીલ મારફત કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષોની રજુઆત બાદ બચાવ પક્ષની દલીલો અને રજૂ રાખેલા કોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈ સેશન્સ કોર્ટે આરોપી પ્રવીણ પરમારની જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે.આ કેસમાં રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, મીલન જોષી, જયવિર બારૈયા, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર, એડવોકેટ તરીકે રોકાયેલ હતા.

# દીવ : નેશનલ હાઈવે કામનો પ્રારંભ

## પ્રશાસક પ્રફુલ પટેલની કોન્ટ્રાકટરને તાકીદ

દીવ, તા.૨:દીવમાં છેલ્લા ઘણા સમયથી નેશનલ હાઈવેનુ કામ ગોકળગતિએ ચાલુ છે. કામ હજુ કયારે પુરૂ થશે તે નક્કી નથી. ખાસ કરીને દિવથી ફૂદમના નેશનલ હાઈવેના કામ ચાલુ હોવાના કારણે દીવની જનતા અને પર્યટકોને ખૂજબ મુશ્કેલીનો સામનો કરવો પડયો છે. નેશનલ હાઈવેનુ કામ ગુણવતાવાળુ નહિ હોવાના કારણે પ્રશાસક પ્રફુલ પટેલે કોન્ટ્રાકટરોને ચેતવણી પણ આપેલી અને નેશનલ હાઈવેમાં કંઈ પણ ખામી ન રહે તેવુ જણાવેલ અને આ નેશનલ હાઈવેના કામ માટે ઈજનેરોને ટીમ બનાવી અને સતત મોનીટરીંગ કરવા તાકીદ કરેલી. હવે આ કામનો પ્રારંભ તો થયેલો છે પરંતુ સમય મર્યાદામાં થાય તો જ જનતાના દિલ જીતી શકાય અને સાચી રીતે વિકાસ થયો હોય તેવુ માની શકાય.

# રાજકોટમાં બે સ્થળે પત્તા ટીંચતી નવ મહિલા સહિત ૧૩ ઝડપાયા

## પટેલવાડી પાસે વર્લી ફીચરના આંકડા રમતો શખ્સ પકડાયો

રાજકોટ, તા.૨

રાજકોટમાં જુદા-જુદા બે સ્થળે પોલીસે દરોડા પાડી જૂગાર રમતી નવ મહિલા સહિત ૧૩ શકુનીને ઝડપી લીધા હતાં. પોલીસે બન્ને દરોડામાં રૂ.૨૧,૩૧૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગતો મુજબ રાજકોટમાં કોઠારીયા રોડ ઉપર આવેલા બ્રહ્માણી હોલ પાછળ મહિલાઓ જાહેરમાં જૂગાર રમતી હોવાની બાતમીના આધારે આજી ડેમ પોલીસે દરોડો પાડડ્યો હતો. દરોડા દરમિયાન પત્તા ટીંચતી મીનાબેન રોહિતભાઇ અગ્રાવત, ગીતાબેન સુખાભાઇ કાલીયા, અલ્પાબેન ભરતભાઇ ગાજીપરા, પ્રિતીબેન જીતુભાઇ વેકરીયા, ભાવનાબેન નાથાભાઇ પાલા, હર્ષાબેન વિનોદભાઇ વેકરીયા, રેખાબેન કમલેશભાઇ ચંદારાણા, માલતીબેન જગદીશભાઇ મેસવાણી અને મુક્તાબેન ભીખુભાઇ કનેરીયાને ઝડપી લીધી હતી. પોલીસે જૂગારના પટમાંથી રૂ.૧૧.૧૨૦ની રોકડ કબજે કરી હતી.બીજા દરોડામાં કોર્પોરેશન ચોક નજીક જાહેરમાં જૂગાર રમતા મનોજ રમેશદાસ રામાવત, સિકંદર રસુલભાઇ મોવર, ઇકબાલ મહમદ બ્લોચ અને ખાલીદ અલીભાઇ આરબને એ ડિવિઝન પોલીસે ઝડપી લીધા હતાં. એ ડિવિઝન પોલીસે જુગારના પટમાંથી રૂ.૧૦.૧૯૦ની રોકડ કબજે કરી હતી.આ ઉપરાંત અન્ય દરોડામાં બી ડિવિઝન પોલીસે ભાવનગર રોડ પર પટેલ વાડી પાસે જાહેરમાં વર્લી ફીચરના આંકડા રમતા મુકેશ મગનભાઇ શનુળાને ઝડપી લીધો હતો, અને તેની પાસે રહેલ રૂ.૪૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જૂગાર રમતા ઝડપાયેલા શખ્સો વિરૂદ્ધ પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ સણોસરામાં અગાઉ છેડતી કરનાર મહિલાને શખ્સે બીભત્સ ઈશારા કર્યા

## ગામના ગેઈટ પાસે પુત્રને સ્કૂલ બસ સુધી મુકવા ગયેલી પરિણીતાનો પીછો કરી લખાણ ઝળકાવ્યા

રાજકોટ, તા.૨

રાજકોટ તાબેના સણોસરામાં રહેતી મહિલા પોતાના પુત્રને ગામના ગેટ નજીક સ્કૂલ બસમાં મૂકવા ગઇ હતી ત્યારે ગામમાં જ રહેતા શખ્સે તેનો પીછો કરી મહિલાની નજીક જઇ બીભત્સ ઇશારા કર્યા હતા. આ શખ્સે અગાઉ આ મહિલાની છેડતી પણ કરી હતી.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટના સણોસરા ગામમાં રહેતી ૩૦ વર્ષની મહિલાએ કુવાડવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સણોસરાના જ ઇલ્યાસ રહીમ શેરસિયાનું નામ આપ્યું હતું. મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમને સંતાનમાં સાત વર્ષનો પુત્ર છે. પુત્ર રાજકોટની એક શાળામાં ધોરણ-૧માં અભ્યાસ કરે છે. બાળકને તેડવા મૂકવા માટે શાળાની બસ આવે છે. શુક્રવારે સવારે મહિલા તથા તેની જેઠાણી તેના બાળકોને સ્કૂલ બસે મૂકવા જતા હતા ત્યારે ઇલ્યાસે બાઇકમાં ફરીથી મહિલાનો પીછો શરૂ કર્યો હતો અને ગામના ગેટ પાસે મહિલા ઊભી રહી હતી ત્યારે તેની નજીક જઇ મહિલા સામે બીભત્સ ઇશારા કર્યા હતા. મહિલાએ જણાવ્યું હતું કે, આ ઇલ્યાસે અગાઉ તેની છેડતી કરી હતી અને તે સમયે ઇલ્યાસ સામે પોલીસ ફરિયાદ પણ કરી હતી. ફરીથી ઇલ્યાસે બીભત્સ ઇશારા કર્યા હતા. પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ભક્તિભાવપૂર્વક પૂજા અર્ચના કરી

# વડાપ્રધાન મોદીએ સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવ્યું







સોમનાથ, તા.૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતની મુલાકાતના ભાગરૂપે સોમનાથ મહાદેવ મંદિરની મુલાકાત લીધી હતી. જામનગરના વનતારાની મુલાકાત બાદ તેઓ સીધા સોમનાથ પહોંચ્યા હતા અને ભગવાન સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવી પૂજા અર્ચના કરી હતી. સોમનાથ પહોંચ્યા બાદ, પ્રધાનમંત્રી થોડી મિનિટો માટે સર્કિટ હાઉસમાં ફ્રેશ થયા અને ત્યારબાદ તેઓ સીધા જ મહાદેવના દર્શન માટે રવાના થયા હતા. સોમનાથ ટ્રસ્ટ દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

મંદિર પરિસરમાં પ્રવેશ્યા બાદ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સૌપ્રથમ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ, મંદિરના વિદ્વાન પંડિતોએ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર કર્યા હતા, જ્યારે સંસ્કૃત યુનિવર્સિટી પાઠશાળાના વિદ્યાર્થીઓએ વૈદિક મંત્રોચ્ચાર દ્વારા વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું.

પ્રધાનમંત્રી મોદીએ સોમનાથ મહાદેવ મંદિરમાં જલાભિષેક કરીને વિશેષ પૂજા અર્ચના કરી હતી. તેમણે સોમનાથ મંદિરના શિખર પર સ્થાપિત થનારા ૧૦૦ સુવર્ણ કળશની પણ પૂજા કરી હતી. આ ઉપરાંત, પ્રધાનમંત્રીએ માર્કન્ડેય પૂજા અને ધ્વજ પૂજામાં પણ ભાગ લીધો હતો. સોમનાથ મહાદેવની પૂજા અર્ચના સંપન્ન કર્યા બાદ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાસણગીર જવા રવાના થયા હતા. તેમની આ મુલાકાત દરમિયાન સોમનાથ મંદિર ટ્રસ્ટના સભ્યો અને સ્થાનિક વહીવટીતંત્રના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રીની આ મુલાકાતને લઈને સોમનાથમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદી, જેઓ શનિવારે સાંજે ગુજરાતની મુલાકાતે પહોંચ્યા હતા, રવિવારે સવારે જામનગર જિલ્લામાં આવેલા પશુ આરક્ષણ અને પુનર્વસન કેન્દ્ર વાન્તારા ની મુલાકાત લીધી હતી. ૩૦૦૦ એકરમાં ફેલાયેલું વનતારા રિલાયન્સ જામનગર રિફાઇનરીના પરિસરમાં સ્થિત છે અને વન્યપ્રાણીસૃષ્ટિના કલ્યાણ માટે સમર્પિત એક બચાવ કેન્દ્ર છે. આ કેન્દ્ર દુર્વ્યવહાર અને શોષણથી બચાવવામાં આવેલા પ્રાણીઓને આશ્રય, પુનર્વસન અને તબીબી સંભાળ પૂરી પાડે છે.

વડા પ્રધાન મોદીની વન્તારા મુલાકાત દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના અધ્યક્ષ મુકેશ અંબાણી, તેમના પત્ની નીતા અંબાણી, પુત્ર અનંત અંબાણી અને પુત્રી ઈશા અંબાણી અને પુત્રવધૂ રાધિકા મર્ચન્ટ પણ તેમની સાથે રહ્યા હતા. વાન્તારા માં હાલમાં ૨૦૦ થી વધુ બચાવેલા હાથીઓ સહિત અનેક પ્રાણીઓની સંભાળ લેવામાં આવી રહી છે. વડાપ્રધાન મોદીએ કેન્દ્રની વિવિધ સુવિધાઓ અને પ્રાણીઓની સંભાળ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું અને કેન્દ્રના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

અહેવાલ અનુસાર, વડા પ્રધાન મોદી સોમવારે સાસણમાં એક રાત્રિ રોકાણ બાદ જંગલ સફારીનો આનંદ માણશે. વધુમાં, તેઓ નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફ (NBWL) ના ભૂતપૂર્વ પ્રમુખ તરીકે સિંઘ સદાન પરત ફરતાં NBWL ની બેઠકના અધ્યક્ષ પણ રહેશે. આ બેઠકમાં આર્મી ચીફ, વિવિધ રાજ્યોના સભ્યો, એનજીઓના પ્રતિનિધિઓ, ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન અને વિવિધ રાજ્યોના સચિવો સહિત ૪૭ સભ્યો ભાગ લેશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે બેઠક બાદ વડા પ્રધાન મોદી સાસણમાં કેટલીક મહિલા વન કામદારો સાથે પણ સંવાદ કરશે.

# રાજકોટ પોલીસ કમીશ્નર બ્રજેશકુમાર ઝાનો આજે જન્મદિવસ

(ભાસ્કર વૈદ્ય દ્વારા)પ્રભાસ-પાટણ, તા.૨:રાજકોટના બાહોશ પોલીસ કમિશ્નર અને જૂનાગઢ રેન્જના પૂર્વ આઈ.જી.બ્રજેશકુમાર ઝાનો તા.૩ માર્ચ-સોમવારના જન્મદિવસ તા.૩-૩-૧૯૭૩ ના રોજ જન્મેલા તેઓ મુળ બિહારના



વતની અને બીએસસી કેમેસ્ટ્રી અને એમ.એસ.સી.કેમેસ્ટ્રી સુધીનો અભ્યાસ કરી ૧૯૯૯ ની બેચના પોલીસમાં જોડાયા તેઓ મુખ્યમંત્રી સલામતી સ્કવોડ, એસ.પી.સુરત, બરોડા અમદાવાદ ઝોન ડીસીપી, પ્લાનીંગ મોર્ડનાઈઝેશન બ્રાન્ચ હોમ-ગુજરાત ચેતકદળ કમાન્ડો વડા જૂનાગઢ રેન્જ ડી.આઈ.જી, ગોધરા રેન્જ આઈ.જી. સહિતના સ્થળોએ સફળતા પૂર્વક ફરજો બજાવી છે.અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ આરોપીઓ તેમજ ગુમ થયેલા માસુમ બાળકોને શોધવા સક્રિય કામગીરી બજાવી અને ૫૦૦ થી પણ વધુ વોન્ટેડ આરોપીઓને શોધી શોધીને ઝડપ્યા હતા. સાથો-સાથ કુદરતી આફતો વખતે પ્રજા પરત્વે માનવીય અભિગમ સાથે પોલીસ તંત્રના ગૌરવરૂપ કામગીરીઓ બજાવે છે. તેમના જન્મદિને ઠેર-ઠેરથી અભિનંદન-શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

# હાલાર સહિતના ખાણ-ખનીજ વિભાગના ૯ અધિકારીની બદલી

અમદાવાદ,તા.૨:ગુજરાત રાજ્યના ખાણ-ખનિજ વિભાગમાં ફરજ બજાવતા સર્વેયર રોયલ્ટી ઈન્સ્પેકટર, માઈન્સ સુપરવાઈઝર વગેરેની સામુહિક બદલી કરવામાં આવી છે. જેમાં જામનગરના આર.એસ. ચૌધરીને વડોદરા, દ્વારકા જિલ્લાના પી.ડી. પ્રજાપતિને મહિસાગરમાં મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત રાજકોટથી જી.વી. બારોટને દ્વારકામાં મૂકવામાં આવ્યા છે.

આ ઉપરાંત ૨૨ જેટલા રોયલ્ટી ઈન્સ્પેકટરની બદલીના આદેશો પણ કરાયા છે, જેમાં દેવભૂમિ -દ્વારકા જિલ્લાના એ.જે. ભાદરકાને પોરબંદર, આર.આર. જાદવને સુરત, ભૂજથી ભાવિક પી. જોષીને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મુકવામાં આવ્યા છે.જયારે રાજ્યમાં ૩૭ માઈન્સ સુપરવાઈઝરની પણ બદલીના હુકમો થયા છે. જેમાં જામનગરથી એ.બી. વાઢેરને દ્વારકામાં અને દ્વારકાના જી.એન પીઠીયાને ભાવનગરમાં તેમજ સુરેન્દ્ર-નગરથી એન.પી. કણઝારિયાને જામનગરમાં મૂકવામાં આવ્યા છે. આઉટ સોર્સ થી સેવાઓ પૂરી પાડવા માટે અધિકારીને જીએમઆરડીએલને ફાળવાયા છે. તેમને પણ બદલીની ફરજ સોંપણી કરવામાં આવી છે.તેમાં દ્વારકાના દશરથ ચૌધરીને છોટા ઉદેપુર, જામનગરના પ્રતીક પરમારને (રાજકોટ-ફ્લાઈંગ સ્ક્વોડ), દ્વારકાના પ્રકાશ પટેલને બોડેલી તથા ભરૂચથી ભાવેશ પરમાર ને જામનગર મુકવામાં આવ્યા છે.

# રાજકોટમાં દારૂની રેલમછેલ, પાંચ સ્થળેથી ૧૦૪ બોટલ દારૂ સાથે ચાર ઝડપાયા

## દારૂ, સ્કૂટર અને રીક્ષા મળી ૧.૨૬ લાખનો મુદ્દામાલ જપ્ત બે શખ્સની શોધખોળ

રાજકોટ, ૨

રાજકોટમાં પ્યાસીઓની પ્યાસ બુઝાવવા બુટલેગરો મેદાને પડ્યા હોય તેમ અવારનવાર અવનવા કિમીયા કરી દારૂ ઘુસાડવાના પ્રયાસો કરી રહ્યા છે ત્યારે પોલીસ પોતાની સુઝબુઝથી બુટલેગરોના પ્રયાસો નિષ્ફળ બનાવી દારૂનો જથ્થો ઝડપી રહી છે. ત્યારે રાજકોટમાં જુદા-જુદા પાંચ સ્થળે પોલીસે દરોડા પાડી વિદેશી દારૂની ૧૦૪ બોટલ, સ્કૂટર અને રીક્ષા મળી રૂ.૧.૨૬ લાખનો મુદ્દામાલ સાથે ચાર બુટલેગરને ઝડપી લીધા છે, જ્યારે બે શખ્સની શોધખોળ હાથ ધરી છે.

આ બનાવ અંગે જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં જૂના મોરબી રોડ પર રાધિકા પાર્ક મેઇન રોડ પર વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાની બાતમીના આધારે બી ડિવિઝને વોચ ગોઠવી ત્યાંથી પસાર થયેલા સ્કૂટર ચાલક નરેન્દ્ર ઉર્ફે રોકી ઉર્ફે ભોટીયો ઉમેશભાઇ પંડ્યાને રોકી તેની તલાશી લેતા તેની પાસેથી ૩૮ ટીન બિયર મળી આવ્યુ હતું. પોલીસે બિયર અને સ્કૂટર મળી રૂ.૩૪,૧૧૨નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

બીજા દરોડામાં રાજકોટ-અમદાવાદ હાઇ-વે ઉપર વિદેશી દારૂ ભરેલી રીક્ષા પડી હોવાની બાતમીના આધારે પોલીસે રેડ પાડી વિદેશી દારૂ ભરેલી રીક્ષા ઝડપી લીધી હતી. પોલીસે વિદેશી દારૂની ૨૪ બોટલ અને રીક્ષા મળી રૂ.૬૭,૭૩૬નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે દરોડા દરમિયાન નાશી છૂટેલા રીક્ષાચાલકને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

ત્રીજા દરોડામાં આજી ડેમ ચોકડી નજીક આવેલ શિવમ પાર્કમાં રહેતા યોગેશ જેન્તીભાઇ રાઠોડ નામના શખ્સે પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂ ઉતાર્યો હોવાની બાતમીના આધારે પીસીબીની ટીમ ત્રાટકી હતી. ઘરની તલાસી લેતા યોગેશ રાઠોડ પાસેથી રૂ.૨૩,૧૫૨ની કિંમતની ૪૦ બોટલ વિદેશી દારૂ મળી આવતા તેની ધરપકડ કરી હતી. જ્યારે આ દારૂ વિજય ઉર્ફે ભોદીયો ગોવિંદભાઇ સાબરીયા પાસેથી લીધો હોવાનું ખુલતા પોલીસે શોધખોળ હાથ ધરી છે.ચોથા અને પાંચમાં દરોડામાં નાના મવા મેઇન રોડ પર લક્ષ્મીનગરના નાલા પાસેથી માલવિયા નગર પોલીસે હાર્દિકસિંહ ગજેન્દ્રસિંહ મકવાણાને એક બોટલ દારૂ સાથે ઝડપી લીધો હતો, જ્યારે ઉદયનગરમાંથી યોગેશ કેશુભાઇ ગોહેલને પણ માલવિયા નગર પોલીસે એક બોટલ દારૂ સાથે ઝડપી લીધો હતો.

પિકઅપમાં ૨.૨૦ લાખનો દેશી દારૂ ભરીને ડિલિવરી કરવા નીકળેલો શખ્સ ઝબ્બે

ગોંડલ રોડ પર આવેલા ગીતા નગરમાંથી બોલેરો પિકઅપનો ચાલક દેશી દારૂ ભરીને પસાર થતો હોવાની બાતમીના આધારે પીસીબીની ટીમ વોચમાં ગોઠવાઇ હતી. તે દરમિયાન ત્યાંથી પસાર થઇ રહેલી જીજે-૧૩એએક્સ-૪૪૭૭ નંબરની પિકઅપ બોલેરો વાનની અટકાયત કરી તલાશી લેતા તેમાંથી રૂ.૨.૨૦ લાખનો ૧૧૦૦ લીટર દેશી દારૂ મળી આવતા પોલીસે દેશી દારૂ અને બોલેરો પિકઅપ મળી રૂ.૭,૨૦ લાખના મુદ્દામાલ સાથે ચોટીલાના ડાકવડલા ગામના સુરેશ ઉર્ફે લાલા નામના શખ્સને ઝડપી લીધો હતો.

# જુનાગઢઃ દુકાન બંધ કરાવવા ગયેલ શખ્સનો વેપારી પર છરી વડે હુમલો

જૂનાગઢ તા.૨:

કેશોદના મોવાણા દરવાજા મકસુદ ચોક ખાતે ૩૯ વર્ષિય યુવક દુકાન ખાતે હાજર હોય એક શખ્સે દુકાન બંધ કરવા ધમકી આપી અને છરી વડે હુમલો કરતાં સરકારી હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ હુમલાની ઘટના અંગે પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. કેશોદ શહેરમાં માથાભારે આવારા તત્વો વારંવાર હુમલાઓ કરી આસપાસના લાગતા વળગતાં લોકોને ઇજા કરતાં હોય અને અનેક વખત મારામારી ઘટનાઓ બનતી હોય કેશોદ શહેરનો મકસુદ ચોક વિસ્તાર જાણીતો બન્યો છે. એવી જ રીતે શુક્રવારની રાત્રીના ૩૯ વર્ષિય મકસુદભાઈ અબ્દુલભાઈ મહીડા પોતાની પાન બીડીની દુકાને હાજર હોય ત્યારે આકીબ રજાકભાઈ મહિડા નામનો યુવક છરી સાથે ચડી આવ્યો હતો. અને દુકાનદારને કહે કે 'તું દુકાન બંધ કરી દે' તેમ કહેતાં દુકાનદારે કહેલ કે 'તું દરરોજ મારી દુકાન બંધ કરાવવા આવે છે' તે કહેતાં આકીબે ઉશ્કેરાઇ જઇ દુકાનદારને ગાળો આપવા લાગેલ, ગાળો બોલવાની ના પાડતાં આકીબે દુકાનદાર મકસુદભાઈને એક ઝાપટ મારી દીધી હતી. અને શરીરે ઢીકાપાટુનો માર મારી હાથમાં રહેલ છરીનો એક ઘા મકસુદભાઈના ડાબા હાથમાં મારી દેતાં લોહી નીકળવા લાગ્યું હતું. આથી મકસુદભાઈને સરકારી હોસ્પિટલે ખસેડાતાં ત્યાં હોસ્પિટલ સ્ટાફે સારવાર કરી ઇજાના ભાગે ૬ ટાંકા લીધા હતાં. સારવાર દરમ્યાન મકસુદભાઇની ફરિયાદ આધારે પોલીસે આરોપી આકીબ રજાકભાઈ મહિડા વિરૂદ્ધ ગુન્હોં નોંધી તપાસ હાથ ધરી છે.

# વિદ્યા બાલને ચાહકો અને દર્શકોને એઆઇ કૌભાંડ વિશે સાવધ રહેવા માટે અપીલ કરી

મુંબઇ,તા.૨



વિદ્યા બાલનને ખબર પડી કે એઆઇનો ઉપયોગ કરીને તેના નકલી વીડિયો બનાવવામાં આવી રહ્યા છે અને લોકોમાં ખોટી માહિતી ફેલાવવામાં આવી રહી છે. વિદ્યા બાલને આ માહિતી અને તે નકલી છેં વીડિયો તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કર્યો છે.

વિદ્યા બાલને ઈન્સ્ટાગ્રામ પર ચાહકો સાથે એઆઇ દ્વારા બનાવેલા તેના નકલી વીડિયોનો એક નમૂનો પણ શેર કર્યો છે. આ સાથે, એક લાંબો સંદેશ પણ લખવામાં આવ્યો છે જેમાં વિદ્યા લખે છે, 'સોશિયલ મીડિયા અને વોટ્સએપ પર ઘણા વીડિયો શેર કરવામાં આવી રહ્યા છે જેમાં હું જોવા મળી રહી છું.' પરંતુ હું સ્પષ્ટ કરવા માંગુ છું કે આ વીડિયો એઆઇ દ્વારા બનાવવામાં આવ્યા છે અને બિલકુલ ખોટા છે.

વિદ્યા બાલન પોતાની પોસ્ટમાં આગળ લખે છે કે, 'આ નકલી વીડિયો બનાવવા અને શેર કરવામાં મારી કોઈ સંડોવણી નથી. ઉપરાંત, હું જે કહેવામાં આવ્યું છે તેનું સમર્થન કરતો નથી. નકલી વીડિયોમાં કરવામાં આવેલા કોઈપણ દાવા સાથે મારે કોઈ લેવાદેવા નથી. આ મારા વિચારોને પ્રતિબિંબિત કરતું નથી. હું બધાને કહેવા માંગુ છું કે આવા વીડિયો અને માહિતી શેર કરતા પહેલા ખાતરી કરો. આવા ખોટા વીડિયોથી સાવધાન રહો.

# નાની બહેનને ટાઇફોડ થતાં મોટી બહેન ધો. ૧૦ની પરીક્ષા આપવા પહોંચી, ઝડપાઇ ગઇ

સાવરકુંડલા તા.૨:: અમરેલીના સાવરકુંડલા જે.વી મોદી હાઈસ્કૂલમાં ડમી વિધાર્થીની ઝડપાઈ છે ધોરણ ૧૦ ના પેપરમાં નાની બહેનના બદલે મોટી બહેન પરીક્ષા આપતા ઝડપાઈ છે નાની બહેનને ટાઈફોડ હોવાથી મોટી બહેન પરીક્ષા આપતા ઝડપાઈ. ગઈકાલે ગણિતના પેપર દરમિયાન ડમી વિધાર્થીની ઝડપાઈ હોવાની ઘટના સામે આવી છે ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થયેલી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં આજે ત્રીજા દિવસે સમગ્ર રાજ્યમાં ગેરરીતેના કુલ ૬ કેસ નોંધાયા છે જેમાં અમરેલીના સાવરકુંડલા જે.વી.મોદી હાઇસ્કૂલમાં ડમી વિધાર્થીની ઝડપાઇ છે સાવરકુંડલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર, અમરેલીના સાવરકુંડલામાં આવેલી જે.વી. મોદી હાઇસ્કૂલમાં ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષામાં ડમી વિધાર્થીની ઝડપાઇ છે ધોરણ ૧૦ના પેપરમાં નાની બહેનના બદલે મોટી બહેન પરીક્ષા આપતાં ઝડપાઇ હતી.

# ન્યુઝિલેન્ડ સામે ભારતનો ૪૪ રનથી ભવ્ય વિજય

## આઈ.સી.સી. ટ્રોફીના મેચમાં ભારતના ૨૪૯ સામે ન્યુઝીલેન્ડની ટીમ ૨૦૫ રનમાં આઉટ

## વિલિયમસનના ૮૧ રન એળે ગયા : વરૂણ ચક્રવર્તિના સ્પિન અને હાથનો જાદુ ચાલ્યો



રાજકોટ, તા.૨

દુબઈ ખાતે ભારત અને ન્યુઝિલેન્ડની ક્રિકેટટીમ વચ્ચે આઈ.સી.સી. સ્પર્ધાના રમાયેલ મહત્વના મેચમાં ભારતની પ્રથમ હરોળના બેટધરોની ઘોર નિષ્ફળતા બાદ મધ્યમક્રમના ખેલાડીઓ તેમજ ઓલરાઉન્ડરો દ્વારા દાખવાયેલ સંભાળ પૂર્વકની રમતના અંતે ૫૦ ઓવરમાં ભારતે ૯ વિકેટ ગુમાવી ૨૪૯ રન નોંધાવેલ જ્યારે ૨૫૦ રનના લક્ષ્યાંક સુધી પહોચવાનો પ્રયાસ કરતા ન્યુઝિલેન્ડની સમગ્ર ટીમે ૪૫.૩ ઓવરમાં ૨૦૫ રન નોંધાવતા પ્રથમસ્થાન ધરાવતી ઓસ્ટ્રેલિયાની ટીમ સામે સેમીફાઈનલ મેચમાં ટકરાશે. વરૂણ ચક્રવર્તિને મેન ઓફ ધ મેચનું ઈનામ અર્પણ કરાયેલ.

ભારતે દાવનો પ્રારંભ કરતા પ્રથમ હરોળના મુખ્ય ત્રણ ધુરંધર મનાતા ખેલાડીઓ કંઈ ઉકાળી શકયા ન હતા પરંતુ માત્ર ૩૦ રનમાં પ્રથમ ૩ વિકેટ ગુમાવ્યા બાદ મધ્યમક્રમના બેટધરો તેમજ ઓલરાઉન્ડર ખેલાડીઓના એકંદરે સારા પ્રદર્શનથી ભારતે ૫૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવી ૨૪૯ રન નોંધાવેલ હતા.

ભારત તરફથી મધ્યમક્રમમાં શ્રેયસ ઐયરે સૌથી વધુ ૭૯, અક્ષર પટેલે ૪૨, કે.એલ.રાહુલે ૨૩, હાર્દિક પંડયાએ ૪૫ અને રવિન્દ્ર જાડેજાએ ૧૫ રન નોંધાવેલ જેના કારણે ભારતીય ટીમનો રકાસ અટકયો હતો. ન્યુઝીલેન્ડ તરફથી હેનરીએ ૮ ઓવરમાં ૪૨ રન આપી ભારતની ૫ વિકેટ ઝડપી હતી.

વિજયના લક્ષ્યાંક સુધી પહોચવાનો પ્રયાસ કરતી ન્યુઝીલેન્ડની ટીમના એકદરે સારો પ્રારંભ થયેલ પરંતુ ૯૩ રનના જુમલે ૩જી વિકેટના પતન બાદ ભારતીય ટીમે મેચ પર પકકડ જમાવી હતી. જેમાં સમગ્ર ટીમ ૪૫.૩ ઓવરમાં ૨૦૫ રનના જુમલે આઉટ થઈ જવા પામેલ. ન્યુઝીલેન્ડ તરફથી વિલિયમ્સને સૌથી વધુ ૮૧ રન નોંધાવેલ જ્યારે યંગ ૨૨, સેંટનર ૨૮, ચિમેલ ૧૭ તેમજ ફિલીપ્સના ૧૨ રન મુખ્ય હતા.

ન્યુઝીલેન્ડના દાવમાં ભારત તરફથી વરૂણ ચક્રવર્તિ સૌથી વધુ સફળ બોલર સાબિત થયેલ તેમણે ૧૦ ઓવરમાં ૪૨ રન આપી ન્યુઝીલેન્ડના પાંચ બેટધરોને પેવેલિયન તરફ રવાના કરેલ. કુલદિપ યાદવે ૯.૩ ઓવરમાં ૫૬ રનમાં ૨ વિકેટ ઝડપેલ હતી.

# રાજકોટમાં પત્નીના પૈસે માતાના નામે મિલ્કત લેતા પરિવારમાં થયો ડખ્ખો

## મારા નામે ફ્લેટ કર્યો હોત તો હું તમને કાઢી ન મુકત' કહેતાં જ પતિ વિફર્યો; સાસરિયા સામે પરિણીતાએ નોંધાવી ફરિયાદ

રાજકોટ, તા.૨

પતિ-પત્ની એ સંસારના બે પૈડા છે એ વાત હજારો વખત ચર્ચાઇ ચૂકી છે આમ છતાં આ બે પૈડા વચ્ચે અથડામણ થવાને કારણે સંસારરૂપી ગાડી પાટા પરથી ઉતરી ગયાના અનેક કિસ્સા બન્યા છે તેમાં વધુ એકનો ઉમેરો થયો છે. શહેરના મવડી-કણકોટ રોડ પર ઈસ્કોન એમ્બીટીમાં રહેતી પરિણીતાના પૈસા લઈને તેના પતિએ માતાના નામે ફ્લેટ કરતાં ડખ્ખો થવાને કારણે એક સુખી સંસારનો અંત આવ્યો હતો સાથે સાથે સાસરિયાઓ સામે માનસિક ત્રાસની પણ ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગે નયનાબેન રાહુલભાઈ તરાવિયાએ જણાવેલી ફરિયાદમાં જણાવ્યું કે ધોરાજીમાં રહેતા રણમીક રણછોડભાઈ રાંકના પુત્ર રાહુલ સાથે પ્રેમલગ્ન કર્યા બાદ ૨૩-૧૧-૨૦૨૩ના વડિલોની હાજરીમાં રાજકોટમાં વિધિ પ્રમાણે લગ્ન કર્યા હતા. લગ્ન બાદ ધોરાજીમાં નયનાબેન સાસરિયાઓ સાથે રહેતા હતા. લગ્ન બાદ ખબર પડી હતી કે રાહુલ ધો.૧૦ ફેઈલ છે. આ અંગેની વાત સાસુ-સસરાને કરતાં ઝઘડો થયો હતો.

ત્યારબાદ નયનાબેન પતિ સાથે રાજકોટ રહેવા આવી ગઈ હતી અને અહીં પ્રાઈવેટ નોકરી કરતી હતી. રાહુલે ભાગીદારીમાં ધંધો કર્યો હતો પરંતુ તે ન ચાલતાં દેવું થયું હતું જેના કારણે નયનાબેનના પગારથી ઘર ચાલતું હતું. ઘરની સ્થિતિ ખરાબ હોવા છતાં રાહુલે સંતાન માટે દબાણ કરતાં નયનાબેન સહમત થયા હતા અને તા.૧-૧૧-૨૦૧૫ના પુત્રનો જન્મ થયો હતો. આ વેળાએ નયનાબેનના માવતરે આર્થિક મદદ કરી હતી.

બાદમાં રાહુલનો ધંધો બરાબર ચાલવા લાગતાં એક મકાન લેવાનું નક્કી કર્યું હતું જેનું દોઢ લાખ ડાઉન પેમેન્ટ નયનાબેને કરેલી બચત તેમજ ભાઈની મદદ લઈને ભરપાઈ કર્યું હતું. આ ફ્લેટ નયનાબેનના નામે લખાવવા સહમતિ સધાઈ હતી પરંતુ રાહુલે ફ્લેટ તેના માતા રમાબેનના નામે લીધો હતો જેના કારણે નયનાબેને કહ્યું હતું કેફ્લેટ મારા નામે લીધો હોત તો હું તમને ઘરમાંથી કાઢી ન મુકત આ વાતને લઈને ઝઘડો થયો હતો. નવા ફ્લેટમાં ગયા બાદ રાહુલે શંકા-કુશંકા કરવાનું શરૂ કર્યું હતું સાથે સાથે સાસુ-સસરા પણ ત્રાસ આપવા લાગ્યા હતા. એક દિવસ રાહુલે નયનાબેનને માર પણ માર્યો હતો.

ત્યારબાદ સાસુ-સસરા અને રાહુલ નયનાબેન અને પુત્ર કાવ્યને લઈને બીજે રહેવા જતા રહ્યા હતા અને ખોટા પોલીસકેસ કરીને હેરાન કરતા આખરે તેમની સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે રાહુલ રાંક, તેના પિતા રમણીક રાંક અને માતા રમાબેન સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### કરૂણ નાયર બન્યો જીતનો હીરો

# રણજી ટ્રોફીની ફાઈનલમાં કેરળને હરાવી વિદર્ભે ત્રીજી વખત ટ્રોફી જીતી

નાગપુર, તા.૨

રણજી ટ્રોફીની ફાઈનલ ટેસ્ટ મેચમાં કેરળને હરાવી વિદર્ભે ત્રીજી વખત ટ્રોફી જીતી છે. કેરળ અને વિદર્ભ વચ્ચે નાગપુરમાં રમાયેલી મેચ ડ્રૉ થઈ છે, પરંતુ વિદર્ભે પ્રથમ ઈનિંગમાં લીડના આધારે કેરળને હરાવ્યું છે.

વિદર્ભે પ્રથમ ઈનિંગમાં ૩૭૯ રન અને બીજી ઈનિંગમાં નવ વિકેટે ૩૭૫ રન નોંધાવ્યા હતા, જેના જવાબમાં કેરળે ૩૪૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ છે. આમ વિદર્ભે ત્રીજી વખત ટ્રોફી જીતી છે. આ પહેલા વિદર્ભે ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯માં ટ્રોફી જીતી હતી.

વિદર્ભની ટીમ પ્રથમ ઈનિંગમાં ૩૭૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ ઈનિંગમાં સૌથી વધુ દાનિશ માલેવારે ૧૫૩ રન, કરૂણ નાયરે ૮૬ રન નોંધાવ્યા હતા. કેરળની ટીમે કેપ્ટન સચિન બેબીના ૯૮ રન અને આદિત્ય સરવાટેના ૭૯ રનની મદદથી પ્રથમ ઈનિંગમાં ૩૪૨ રન નોંધાવ્યા હતા. ત્યારબાદ વિદર્ભે બીજા દાવમાં ૯ વિકેટે ૩૭૫ રન નોંધાવ્યા હતા, જેમાં કરૂણ નાયરે ૧૩૫ રન, દાનિશ માલેવારે ૭૩ રન અને દાર્શન નાલકંડેએ નવમાં ક્રમાંકે આવી અણનમ ૫૧ રન નોંધાવ્યા હતા. નાલકંડેએ ફિફટી ફટકારતા જ મેચ સમાપ્ત થવાની જાહેરાત કરવામાં આવી હતી.કેરળ તરફથી પહેલી ઈનિંગમાં સૌથી વધુ વિકેટ એમ.ડી.નિધેશ અને એડન એપલ ટોમે ૩-૩ વિકેટ જ્યારે નેદુમાંકુઝી બસીલે ૨ અને જલજ સકસેનાએ ૧ વિકેટ ઝડપી હતી. વિદર્ભ તરફથી દાનિશ માલેવાર, હર્ષ દુબે, પાર્થ રેખાડેએ ૩-૩ વિકેટ અને યશ ઠાકુરે ૧ વિકેટ ઝડપી હતી. ત્યારબાદ બીજી ઈનિંગમાં કેરળના બોલરેએ વિદર્ભના ૯ બેટરોને આઉટ કર્યા હતા, જેમાં આદિત્ય સરવટેએ ૪ વિકેટ ઝડપી હતી. જ્યારે એમ.ડી.નિધેશ, જલજ સકસેના, એડન ટોમ, એન.બસીલ અને અક્ષય ચંદ્રને ૧-૧ વિકેટ ઝડપી હતી.

# દીવ : દીવ પોલીસટેકનિકમાં વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા સન્માન કરાયું

(શકીલ કાશમાણી દ્વારા)દીવ, તા.૨દીવ એજ્યુકેશન હબમાં પોલીટિકનિક વિભાગમાં સીવીલ વિભાગમાં ત્રીજા સેમેસ્ટરમાં વાઢેર પૂજાએ ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેમજ મીકેનીકલ અને ઈલેક્ટ્રીક વિભાગમાં પણ દમણીયા ચિરાગ અને જાદવ પિયુષ પણ બેસ્ટ પરફોર્મન્સ કરતા પ્રિન્સીપાલ નિતીન ગજવાણીએ તેમનુ સન્માન કર્યું અને દરેક પ્રોફેસરોએ તેમને સારા પરિણામની શુભેચ્છા પાઠવી હતી.

# સોમનાથ ખાતે સાધુ-સંતોનો ભંડારા જૂનાગઢનું સમાપન

(ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ, તા.૨

સુપ્રસિધ્ધ પ્રભાસ તીર્થ સોમનાથના પવિત્ર ત્રિવેણી સંગમે આવેલ મહાકાલી મંદિર ખાતે જૂનાગઢ મહાશિવરાત્રી પર્વે રાષ્ટ્રના વિવિધ અખાડાઓના સંતો-મહંતો અને સાધુઓનો ભવ્ય ભંડારો યોજવામાં આવ્યો હતો.

મહંત મહાકાલી મંદિર હરિહરગીરીજી અને હરિનારાયણગીરીએ એક મુલાકાતમાં જણાવ્યું કે આ મંદિરની વર્ષો જૂની પરંપરા છે કે પ્રતિવર્ષ મહાશિવરાત્રી જૂનાગઢ આવતા આખા રાષ્ટ્રના સંતો-મહંતો સૌરાષ્ટ્રના તીર્થાટનો કરી તેનો અંતિમ પડાવ સોમનાથ મહાકાળી મંદિર ખાતે હોય છે. અહીં દરેકને ભોજન-ભંડારા અને સન્માનજનક ભેટપૂજા ધરાય છે અને ત્યાર બાદ સૌ પોત-પોતાના આશ્રમોએ પ્રસ્થાન કરે છે. આજે અંદાજે ૧૨૦૦ થી ૧૫૦૦ સાધુ-સંતો સોમનાથ આવ્યા જેમાં શંભુપંચ દશનામ અખાડા, આવાહન અખાડા, અટલ અખાડા, અગ્નિ અખાડા, ચાર અખાડા અને હર દર્શન મંડળનો સમાવેશ થાય છે. સાધુ-સંતોની સેવા માટે અને જરૂરતમંદો માટે વેરાવળના ઉત્તમચંદ ગુલાબરાય મેઘાણી, જેઠાભાઈ મેઘાણીએ તાવ, શરદી, ઉધરસ સહિતની દવાઓ અને ટેબ્લેટો વિનામુલ્યે ત્યાં સેવા કેમ્પ ખોલી આપી સેવા બજાવી હતી.

# મહિલાએ યુવાન પર એસિડ અટેક કર્યો!

પોરબંદર તા.૨:

પોરબંદર જિલ્લામાં એક જ દિવસમાં ત્રણ અલગ-અલગ બનાવો બન્યા છે. પહેલા બનાવમાં ભડ ગામમાં એક મહિલાએ યુવાન પર એસિડ હુમલો કર્યો છે. જીતેનભાઈ મોકરીયા તેમના મિત્ર સાથે વાત કરી રહ્યા હતા. આ દરમિયાન મિત્રની પત્ની મંજુબેન ઉશ્કેરાઈને જીતેનભાઈને ગાળો આપી હતી. સમજાવવા ગયેલા જીતેનભાઈ પર મંજુબેને એસિડ ફેંક્યું અને કુહાડીથી હુમલો કર્યો હતો. વિજય મોકરીયાએ પણ લોખંડના પાઈપથી હુમલો કરી બાઈકમાં તોડફોડ કરી હતી.

બીજા બનાવમાં રાણાવાવના ભુખબરા નેશ વિસ્તારમાં પશુપાલક નારણ મોરી પર જૂના મનદુઃખના કારણે સાત શખ્સોએ લોખંડના પાઈપથી હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્ત નારણને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ત્રીજા બનાવમાં દેગામની સીમ વિસ્તારમાં રહેતા અરભમ સુડાવદરા નામના પ્રૌઢ પોતાની વાડીએ જતા હતા. તે દરમિયાન નવઘણ સુંડાવદરાની વાડી પાસેના કૂવા નજીકથી પસાર થતી વખતે અકસ્માતે પગ લપસતાં કૂવામાં પડી ગયા હતા. આ દુર્ઘટનામાં તેમનું ડૂબી જવાથી મોત થયું છે. ત્રણેય બનાવોમાં સંબંધિત પોલીસ સ્ટેશનોએ તપાસ શરૂ કરી છે.

# ગીતા એટલે શોકામગ્ન અર્જુનને શોક-નિવૃત્તિનો ઉપદેશ

**આલેખનઃ વિનોદ માછી નિરંકારી**

ધર્મભૂમિ કુરૂક્ષેત્રના મેદાનમાં એક તરફ કૌરવો અને એક તરફ પાંડવોની સેના ઉભી છે.બંન્ને સેનાઓના મધ્યભાગમાં સફેદ ઘોડાઓથી યુક્ત એક મહાન રથ ઉભો છે જેમાં ભગવાન શ્રીકૃષ્ણ બેઠા છે.અર્જુનને નિમિત્ત બનાવીને મનુષ્યમાત્રનું કલ્યાણ કરવા માટે ભગવાન પોતાના દિવ્ય ઉપદેશનો પ્રારંભ કરતાં સર્વપ્રથમ શરીર અને આત્માનું વર્ણન કરતાં શ્રીમદ ભગવદગીતા(૨/૧૧)માં કહે છે કેઅશોચ્યાનન્વશોચસ્ત્વં પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષતે

ગતાસૂનગતાસૂંશ્ચ નાનુશોચન્તિ પંડિતાઃ

હે અર્જુન ! તૂં જેમના માટે શોક કરવો યોગ્ય નથી તેમના માટે શોક કરે છે અને જ્ઞાનીજનોના જેવાં વચનો બોલે છે પરંતુ જેમના પ્રાણ જતા રહ્યા છે તેમના માટે અને જેમના પ્રાણ નથી ગયા તેમના માટે જ્ઞાનીજનો શોક કરતા નથી.ગીતાજ્ઞાનની શરૂઆત આ શ્ર્લોકથી થાય છે તેવું કેટલાક વિદ્વાનો માને છે.

મનુષ્યને શોક ત્યારે જ થાય છે કે જ્યારે તે સંસારના પ્રાણી-પદાર્થોને બે વિભાગમાં વહેંચી નાખે છે કે આ મારા છે અને આ મારા નથી,આ મારા પોતાના કુટુંબીઓ છે અને આ મારા પોતાના કુટુંબીઓ નથી, આ અમારી જાતિના છે અને આ અમારી જાતિના નથી.જે અમારા હોય છે એમનામાં મમતા-કામના,પ્રીતિ અને આસક્તિ થઇ જાય છે અને તેનાથી શોક ચિંતા ભય ઉદ્વેગ ખળભળાટ સંતાપ વગેરે દોષો આવી જાય છે.અર્જુનને પણ તમામ કુરૂવંશીઓમાં મમતા હતી તેથી તેમના મરવાની આશંકાથી શોક થઇ રહ્યો હતો,આ શોક દૂર કરવા ભગવાને અર્જુનને ગીતાનો ઉપદેશ આપ્યો છે જેનો આ અગિયારમા શ્ર્લોકથી શરૂ થાય છે અને છેલ્લે ભગવાન (૧૮/૬૬)માં એ જ શોકને અનુચિત બતાવતાં કહેશે કે તૂં ફક્ત મારો જ આશ્રય લે અને શોક ના કર કારણ કે સંસારનો આશ્રય લેવાથી શોક થાય છે અને અનન્યભાવથી મારો આશ્રય લેવાથી તારો શોક ચિંતા બધું જ નાશ પામશે.

આ સંસારમાત્રમાં બે વસ્તુઓ છે-સત(આત્મા) અને અસત(શરીર).આત્મા અવિનાશી અને શરીર વિનાશી છે.મનુષ્ય સમક્ષ જન્મવું-મરવું,લાભ-હાનિ વગેરેના રૂપમાં જે કોઇ પરિસ્થિતિ આવે છે તે પ્રારબ્ધ એટલે કે પોતાનાં કરેલાં કર્મોનું ફળ છે.બધાના પિંડ-પ્રાણનો વિયોગ અવશ્યંભાવી છે તેથી તે માટે શોક કરવો જોઇએ નહી.મરણ પામેલ પ્રાણીઓના માટે શોક કરવાથી તેમને દુઃખ ભોગવવું પડે છે.શરીરની સાથે એકતા માનવાથી જ શરીરનું પાલન-પોષણ કરવાવાળાઓની સાથે પોતાપણું થઇ જાય છે અને એ પોતાપણાના કારણે જ કુટુંબીઓના મરવાની આશંકાથી મનમાં શંકા અને શોક થાય છે.આત્મા કોઇ શરીર સાથે લિપ્ત નથી તેથી તેને સર્વવ્યાપી કહેવામાં આવે છે.મનુષ્ય વિવેકપ્રધાન છે તેથી હું શરીર નથી-આવો વિવેક મનુષ્યશરીરમાં જ થઇ શકે છે.શરીરને હું-મારૂં માનવું એ પશુબુદ્ધિ છે.

સત-તત્વના કારણે શોક કરવો અનુચિત છે તે સમજાવતાં ભગવાન કહે છે કે ''કોઇ કાળમાં હું નહોતો અને તું નહોતો તથા આ રાજાલોક નહતા આ વાત પણ નથી અને ભવિષ્યમાં હું તૂં અને રાજાલોક આપણે બધા નહી રહીએ એવી વાત નથી.(૨/૧૨)'' આપણી સત્તા કાલાતિત તત્વ છે કારણ કે આપણે કાળના પણ જ્ઞાતા છીએ.પરમાત્મા અને જીવાત્મા સમાન ગુણધર્મોવાળા છે.અનેક યુગ બદલાઇ જાય તો પણ આત્મા બદલાતો નથી કેમકે તે પરમાત્માનો અંશ છે પરંતુ શરીર ક્ષણભર સ્થિર નથી તે બદલાતું રહે છે.ભગવાન કહે છે કે..

દેહિનોઙસ્મિન્યથા દેહે કૌમારં યૌવનં જરા

તથા દેહાન્તરપ્રાપ્તિર્ધીરસ્તત્ર ન મુહ્યતિ..(૨/૧૩)



''દેહધારીઓના આ મનુષ્ય શરીરમાં જેમ બાળપણ-યુવાની અને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે તે જ પ્રમાણે બીજા શરીરની પ્રાપ્તિ થાય છે-તે બાબતમાં ધીર પુરૂષ મોહિત થતો નથી.'' શરીરમાં પહેલાં બાલ્યાવસ્થા પછી યુવાવસ્થા અને પછી વૃદ્ધાવસ્થા આવે છે.શરીરમાં ક્યારેય એક અવસ્થા રહેતી નથી તેમાં નિરંતર પરિવર્તન થતું રહે છે.શરીર અને આત્મા જુદા છે.આત્મા દ્રષ્ટા અને શરીર દ્રશ્ય છે આથી શરીરમાં જે પરિવર્તન થાય છે તે આત્મામાં થતું નથી.

શરીર સતત બદલાતું રહે છે.તેની મુખ્ય ત્રણ અવસ્થાઓ છેઃબાળપણ-યુવાની અને વૃદ્ધાવસ્થા સ્થૂળ શરીરોની અવસ્થા છે,તેવી જ રીતે દેહાન્તરની પ્રાપ્તિ (મૃત્યુ પછી બીજું શરીર ધારણ કરવું) સૂક્ષ્મ અને કારણ શરીરની અવસ્થાઓ છે.દેહાન્તરની પ્રાપ્તિ થતાં સ્થૂળ શરીર તો છુટી જાય છે પરંતુ મુક્તિ પહેલાં સૂક્ષ્મ અને કારણ શરીર છુટતાં નથી.નથી.જ્યાં સુધી મુક્તિ ના થાય ત્યાં સુધી સૂક્ષ્મ અને કારણ શરીર સાથે સબંધ ચાલુ રહે છે.સ્થૂળશરીરની અવસ્થાઓ બદલાવાથી તો એમનું જ્ઞાન થાય છે પરંતુ શરીરાંતરની પ્રાપ્તિ થતાં પહેલાંના શરીરનું જ્ઞાન નહી થવામાં કારણ એ છે કે મૃત્યુ સમયે અને જન્મ સમયે એટલી બધી વેદના થાય છે કે મર્યા પછી પૂર્વજન્મ યાદ આવતો નથી.મૃત્યુ અને જન્મના સમયે ઘણું જ વધારે કષ્ટ થાય છે,એ કષ્ટના કારણે બુદ્ધિમાં પૂર્વજન્મની સ્મૃતિ રહેતી નથી.જન્મના સમયે શ્વાસની ગતિ રોકાઇ જાય છે અને પૂર્વસ્મૃતિ નષ્ટ થઇ જાય છે.સ્થૂળ શરીરની અંદર સૂક્ષ્મ શરીર છે અને તેની અંદર કારણ શરીર (વાસનાઓ) છે.

ધીર એ છે કે જેને સત-અસતનો બોધ થઇ ગયો છે.તે સુખ-દુઃખમાં સમાન રહે છે.દેહ અને દેહી ભિન્ન છે-આ વિષયમાં તેને ક્યારેય મોહ થતો નથી,એને પોતાની અસંગતતા અખંડ જ્ઞાન રહે છે.જન્મવું અને મરવું એ આપણો ધર્મ નથી પરંતુ શરીરનો ધર્મ છે.આપણું આયુષ્ય અનાદિ અને અનંત છે જેની અંતર્ગત અનેક શરીર ઉત્પન્ન થાય છે અને મરે છે.જેમ આપણે અનેક વસ્ત્રો બદલીએ છીએ પરંતુ વસ્ત્રો બદલવા છતાં આપણે બદલાતા નથી પરંતુ એના એ જ રહીએ છીએ.(૨/૨૨) એવી જ રીતે અનેક યોનિઓમાં જવા છતાં આપણી આપણી સત્તા નિત્ય નિરંતર જેમની તેમ રહે છે.

અનિત્ય વસ્તુ શરીર વગેરેના કારણે જે શોક થાય છે એની નિવૃત્તિ માટે ભગવાન ગીતા(૨/૧૪)માં કહે છે કે..ઇન્દ્રિયોના વિષયો(જડપદાર્થો) તો ઠંડી(અનુકૂળતા) અને ગરમી(પ્રતિકૂળતા) દ્વારા સુખ-દુઃખ દેનારા છે તથા આવવા-જવાવાળા અને અનિત્ય છે માટે તેમને સહન કરો કેમકે સુખ-દુઃખમાં સમ રહેનાર જે બુદ્ધિમાન પુરૂષને આ માત્રાસ્પર્શ(પદાર્થો) વિચલિત(સુખી-દુઃખી) કરતા નથી,તે અમર થવાને સમર્થ થઇ જાય છે..શરીર ઇન્દ્રિયો અંતઃકરણ વગેરેની ક્રિયાઓનો અને અવસ્થાઓનો આરંભ અને અંત હોય છે અને તેઓનો ભાવ અને અભાવ હોય છે.તે ક્રિયાઓ અને અવસ્થાઓ તારામાં નથી કેમકે તૂં તેમને જાણવાવાળો તેમનાથી ભિન્ન છે.તૂં પોતે જેવોને તેવો રહે છે.આથી તે ક્રિયાઓમાં અને અવસ્થાઓમાં તૂં નિર્વિકાર રહે તેને જ તિતિક્ષા કહે છે.મનુષ્ય યોનિ સુખ-દુઃખ ભોગવવા મળી નથી પરંતુ સુખ-દુઃખથી ઉપર ઉઠીને આનંદ અને પરમશાંતિની પ્રાપ્તિ માટે મળી છે.

સુખ-દુઃખમાં સમ રહેનાર જે બુદ્ધિમાન પુરૂષને આ માત્રાસ્પર્શ પદાર્થો વિચલિત એટલે કે સુખી-દુઃખી કરી શકતા નથી અને તે અમર થઇ જાય છે.(૨/૧૫) માત્રાસ્પર્શા એટલે જેમનાથી જ્ઞાન થાય છે તે જ્ઞાનનાં સાધનો ઇન્દ્રિયો અને અંતઃકરણનું નામ માત્રા છે.માત્રાથી એટલે કે ઇન્દ્રિયો અને અંતઃકરણથી જેમનો સંયોગ થાય છે તેમનું નામ સ્પર્શ છે.મનુષ્ય ઘણું કરીને પરિસ્થિતિઓને બદલવાનો જ વિચાર કરે છે જે કદી બદલી શકાતી નથી અને જેમને બદલવાનો સંભવ જ નથી.પુરૂષ એટલે પુરમાં-દેહમાં રહેનારો. જીવાત્મા અને દેહ મળીને પુરૂષ થાય છે.ઘણા લોકો કહે છે કે દેહ અને જીવાત્માને કાંઇ લેવાદેવા નથી તો તે યોગ્ય નથી.

શરીર સાથેના તાદાત્મયથી જ વ્યથા થાય છે તેથી શરીર એ હું છું એવું માનનાર કોઇપણ મનુષ્ય વ્યથારહિત હોઇ શકે નહી.સુખ કે દુઃખની પરિસ્થિતિથી સુખી-દુઃખી થવું એ જ વ્યથિત થવું છે.સુખી-દુઃખી થવું એ સુખ-દુઃખનો ભોગ છે અને ભોગી વ્યક્તિ ક્યારેય સુખી થઇ શકતો નથી.સુખદ દુઃખદ પરિસ્થિતિ પ્રારબ્ધથી પ્રાપ્ત થાય છે.દુઃખનું કારણ છે સુખની ઇચ્છા.

ગુજરાત સરકાર



# વિશ્વ વન્યજીવ દિવસ 2025

“
આદરણીય વડાપ્રધાન
**શ્રી નરેન્દ્રભાઇ મોદી**
'વર્લ્ડ વાઇલ્ડલાઇફ ડે' નિમિત્તે સાસણ (જિ. ગીર-સોમનાથ)માં ૩ માર્ચ, ૨૦૨૫ના રોજ વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે
”





## વન્યજીવોના સંરક્ષણ-સંવર્ધનમાં ગુજરાતની સિદ્ધિઓ

- ભારત અને ગુજરાતનાં ગૌરવ સમાન એશિયાટિક સિંહોની સંખ્યામાં સરકારનાં સંરક્ષણ-સંવર્ધનનાં પ્રયાસોથી વધારો નોંધાયો. ૨૦૨૦ની વસતી ગણતરી પ્રમાણે સિંહોની સંખ્યા ૨૮.૯%નાં વધારા સાથે ૬૭૪ નોંધાઇ
- કચ્છના રણ વિસ્તારમાં લાખોની સંખ્યામાં લેસર ફ્લેમિંગો તથા ગ્રેટર ફ્લેમિંગોનું દર વર્ષે આગમન થાય છે. અંદાજે ૩ થી ૫ લાખની સંખ્યામાં આવતા ફ્લેમિંગો ઈંડા મૂકી હજારોની સંખ્યામાં બચ્ચાઓને જન્મ આપે છે
- રહેણાંક વિસ્તારમાં ઘૂસી આવતા મગરોનાં રેસ્ક્યુ માટે હાલોલ રેન્જમાં ધોબીકુવા ખાતે અનામત જંગલના આશરે ૦.૭૫ હેક્ટર વિસ્તારમાં ક્રોકોડાઇલ રેસ્ક્યુ સેન્ટરનું નિર્માણ
- શહેરી વિસ્તારમાં આવેલા વેટલેન્ડના વ્યવસ્થાપન અને વિકાસ માટેના લોંગ ટર્મ પ્લાનનું અમલીકરણ
- વરુ બ્રિડિંગ પ્રોગ્રામને આગળ વધારતા સુરેન્દ્રનગરમાં થાળા વીડી ખાતે અને બનાસકાંઠામાં નડાબેટ ખાતે સોફ્ટ રીલીઝ સેન્ટર કાર્યરત
- વ્હેલશાર્ક (બેરલ) માછલીથી માછીમારોની નેટ (જાળ)ને નુકશાન સામે વળતર આપવાની યોજના અંતર્ગત જાળમાં જો વ્હેલશાર્ક ફસાઇ તો જાળને કાપવા માટે વધુમાં વધુ ₹૫૦ હજારની મર્યાદામાં ચૂકવવામાં આવે છે
- ભારતમાં ચિત્તાની વસતી  સ્થાપિત કરવા કચ્છ જિલ્લાના બન્ની ગ્રાસલેન્ડ ખાતે અંદાજિત ૫૦૦ હેક્ટરમાં ચિત્તા માટે બ્રિડીંગ સેન્ટર તૈયાર કરવાનો નિર્ણય
- બરડા વિસ્તારને સિંહો માટેનું બીજુ રહેઠાણ બનાવવા પ્રયાસનાં ફળ સ્વરૂપે આજે અહીં કુલ ૬ સિંહ અને ૧૧ સિંહ બાળ સાથે કુલ ૧૭ સિંહોનો વસવાટ થયો છે

